॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ડિસેમ્બર ૨૦૧૩

રૂા. ૫/૦૦








**ગોવર્ધન મહોત્સવ ૨૦૭૦ના નૂતન વર્ષારંભે**
**અનેક વિધ પકવાનો આરોગતા શ્રી ઘનશ્યામ મહારાજ તેમજ**
**શ્રી નરનારાયણદેવની અન્નકૂટની આરતી ઉતારતાં પ.પૂ. મહંત સ્વામી.**

# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દશાબ્દી શિબિર ૨૦૧૩નું ભવ્યાતિ ભવ્ય રીતે આયોજન સંપન્ન થયું.

















॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૧૨ - ડીસેમ્બર – ૨૦૧૩
સળંગ અંક - ૩૩૬

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

દિવાળીના પર્વને માણીને સૌ રોજિંદી ઘટમાળમાં જોડાઈ ગયા ! આ ઉત્સવોએ જાણે ઉમંગ અને ભક્તિની બેટરી રી–ચાર્જ કરીને જીવનમાં નવી ઉર્જા સાથે ઉત્સાહ ભરી દીધો. શ્રીજી મહારાજે ઉત્સવો ઉજવવાની વાત ભારપૂર્વક જણાવી છે. સમૈયા(ઉત્સવો) જીવનમાં રહેલા ખાલીપાને ભક્તિભાવ, પરસ્પર આત્મીયતા, એખલાસ, સ્નેહ અને સદ્ભાવનાઓથી ભરી દે છે, પરંપરાગત સંસ્કારોને દૃઢ બનાવે છે.

કચ્છ સત્સંગના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણાર્થે ધર્મ, ભક્તિ, જ્ઞાન અને સુસંસ્કારોના સદ્ગુણો સાથે ઉદાત્ત રાષ્ટ્રપ્રેમની ભાવનાથી ભરપૂર તેમજ પરંપરાગત ઉત્સવોમાં નોખી ભાત પાડતો કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો 'દશાબ્દી શિબિર–૨૦૧૩' ઉત્સવ ભુજ મધ્યે દબદબાભેર ઉજવાઈ ગયો. આ આંતરરાષ્ટ્રીય શિબિરે ધર્મનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ યુવાનોમાં નવા જોમ, જોશ અને જાગૃતિનો સંચાર કર્યો. કોઈ પણ સમાજ કે દેશની દૃઢતા અને વિકાસશીલતા યુવાધન પર અવલંબિત હોય છે. જે સમાજ કે દેશનું યુવાધન શિક્ષિત, ધર્મનિષ્ઠ, સદાચારી, સુસંસ્કૃત, નીતિમાન, રાષ્ટ્રપ્રેમી અને પરંપરાગત સંસ્કારોને અનુસરતું હોય તે સમાજ કે દેશ પ્રગતિશીલ અને સમૃધ્ધ હોય છે. આપણા પ્રાચીન ઋષિઓ– મહર્ષિઓ અને સંતો દ્વારા યોગ, અધ્યાત્મ અને ધર્મના જે સંસ્કારો મળ્યા છે તેનું જતન થાય, સંવર્ધન થાય અને શ્રીજી મહારાજે આપેલી આજ્ઞાઓના અનુસરણથી સાચી રીતે જીવન જીવવાનું પથ પ્રદર્શન થાય તેવા ઉમદા હેતુ સાથે યુવાધનની શક્તિઓને સન્માર્ગે વાળવાનો ભગીરથ પ્રયાસ આ નિવાસી શિબિરમાં કરવામાં આવ્યો. પરંપરાગત સંસ્કારોનું જતન થાય અને ગૌરવાન્વિત વારસાની ગરિમા જળવાઈ રહે તે પ્રતિની જાગૃતિ આ શિબિરમાં જોવા મળી.

આવા શિબિરો ઉપરાંત મહાપુરુષો અને અવતારોનાં જીવન ચરિત્રો તેમજ સત્શાસ્ત્રોનું જીવન ઘડતરમાં મહત્ત્વનું યોગદાન હોય છે. જેની સ્મૃતિ સ્વરૂપે આપણે 'જયંતી'ની ઉજવણી કરીએ છીએ. આ માસમાં એવી ત્રણ જયંતીઓ આવે છે.

પ્રથમ આવશે નીતિ અને ભક્તિ દ્વારા આધિ–વ્યાધિ–ઉપાધિમાંથી જીવનને ઉગારીને તેમજ જીવનને સાદગી સાથે સમૃધ્ધિ બક્ષનાર આપણા સંપ્રદાયના અતિ મહત્ત્વના અણમોલ સત્શાસ્ત્ર 'વચનામૃત'ની જયંતી – વચનામૃત જયંતી. શ્રી સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુઓની સમસ્યાઓનું સમાધાન કરાવતું માર્ગદર્શન કરી જીવનને ભક્તિમય બનાવવા અમૃત જેવા વચનો દ્વારા જે શીખ આપી છે તે સૌને માટે કલ્યાણકારી છે. આપણા સંપ્રદાયમાં 'વચનામૃત જયંતી' ભક્તિભાવપૂર્વક શ્રધ્ધા સાથે ઉજવાય છે. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાને જેમાં ધર્મ અને કર્તવ્યને પ્રાધાન્ય આપી નીતિમય જીવન જીવવનો સંદેશ આપ્યો છે તેવા વિશ્વના સર્વશ્રેષ્ઠ શાસ્ત્રોમાનું એક સત્શાસ્ત્ર ગીતા છે તેની જયંતી 'ગીતાજયંતી'. જીવનલક્ષી આ ગીતામાં વિશ્વની તમામ સમસ્યાઓનું સમાધાન સમાયેલું છે. ત્યારબાદ આવે છે. 'દત્તજયંતી' જીવનમાં જ્ઞાનપિપાસા સતત જાગૃત રહેવી જોઈએ એ વાતનો સંદેશ તેમણે ૨૪ ગુરુઓ કરીને આપ્યો છે.

કૂમળું છોડ જેમવાળીએ તેમ વળે તે મુજબ બાલ્યાવસ્થામાં નિરૂપાયેલા સુસંસ્કારો જીવનભર ટકી રહે. બાળકોમાં બાલ્યાવસ્થાથી જ સત્સંગ પ્રતિ સજાગતા રહે તે માટે આપણા મંદિર દ્વારા 'સત્સંગ અભ્યાસક્રમ' દ્વારા બાળકોમાં સત્સંગ પ્રારંભિક તબક્કાથી જ દૃઢ બનાવવાની પશંસનીય પ્રવૃત્તિ હાથ ધરાઈ છે. જે સત્સંગના ઉજ્જવળ ભવિષ્યનું દ્યોતક છે. સંતોના આ અભ્યાસક્રમનો લાભ લઈ સંસ્કારી બને તે જોવાનું કર્તવ્ય માતા–પિતાનું છે.

સૌના જીવન નીતિમય, ભક્તિમય અને શ્રીજી મહારાજ પ્રતિ નિષ્ઠાવાન બને એજ શ્રીજી મહારાજને પ્રાર્થના સહ – જય શ્રી સ્વામિનારાયણ !



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

## વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૨૬

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

વેદાન્તાચાર્ય

પ્રશ્નોપનિષદ્

પ્રશ્નોપનિષદ્ અથર્વવેદની પિપ્પલાદ શાખાનું બ્રાહ્મણ સંબંધિત છે. સંપૂર્ણ ગદ્યાત્મક રચના છે. આ ઉપનિષદમાં છ જિજ્ઞાસુ શિષ્યરૂપ ઋષિઓ દ્વારા પિપ્પલાદ ઋષિને છ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા જેના ઉત્તરમાં ઋષિ પપ્પલાદે જ્ઞાન આપ્યું તેનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રશ્નોના ઉત્તરમાં જ્ઞાન પિરસાયુ તેના કારણે આ ઉપનિષદ્ પ્રશ્નોપનિષદ્‌ના નામથી પ્રસિદ્ધ થયું. છ પ્રશ્નો હોવાને કારણે આમાં છ અધ્યાયો છે.

પ્રશ્ન કર્તા છ ઋષિઓ (૧) સુકેશા, (૨) સત્યકામ (૩) ગાર્ગ્ય, (૪) કૌશલ્ય (૫) વૈદર્ભિ અને (૬) કબંધી. આ છ ઋષિઓ વેદપારંગત, સગુણ બ્રહ્મમાં તત્પર અને પરબ્રહ્મની શોધ કરવા નિકળેલા બ્રહ્મ જિજ્ઞાસુઓ મહર્ષિ પિપ્પલાદની પાસે હાથમાં યજ્ઞસમીધ લઇને પહોંચ્યા અને વિનય પૂર્વક એક પછી એક પ્રશ્નો પૂછ્યા.

પ્રથમ પ્રશ્ન-કબંધી ઋષિએ શ્રદ્ધાપૂર્વક પ્રશ્ન પૂછ્યો હે મહર્ષિ ! આ સમ્પૂર્ણ ચરાચર જીવ જુદા જુદા રુપોમાં ઉત્પન્ન થાય છે તેનું સુનિશ્ચિત પરમ કારણ કોણ છે ?

ઉત્તર – સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી પરમાત્માએ તપ કર્યું અને સૌ પ્રથમ રયિ અને પ્રાણને ઉત્પન્ન કર્યા. ચન્દ્રમા રયિ છે અને સૂર્ય પ્રાણ છે. સૂર્ય જ જીવન અને શક્તિ આપે છે અને ચન્દ્રમા જ સ્થૂલ શરીરનું પોષણ કરે છે. આ બન્નેના સંયોગથી આ સંપૂર્ણ સંસારની રચના થાય છે. વર્ષનું નામ છે પ્રજાપતિ ( પરમેશ્વર) વર્ષના બે ભાગ છે દક્ષિણાયન અને ઉત્તરાયણ. દક્ષિણાયનનું નામ છે રયિ અને ઉત્તરાયણનું નામ છે પ્રાણ. કર્મકાણ્ડની ઉપાસના કરનાર દક્ષિણયાન માર્ગ થી જાય છે અને ચન્દ્રલોકમાં પહોંચે છે. આ લોક સ્થાયી નથી. કર્મનું ફળ ભોગવ્યા પછી જીવ પાછો મનુષ્ય લોકમાં જન્મ ધારણ કરે છે. ઉત્તરાયણ માર્ગથી જ્ઞાની લોક જાય છે તે આદિત્યલોક પહોંચે છે આ લોક નિત્ય છે ત્યાં ગયા પછી પાછું મનુષ્ય



લોકમાં આવવું પડતું નથી.

બીજો પ્રશ્ન – ભાર્ગવ સુકેશાએ ત્રણ વાત એક સાથે પૂછી. હે મહર્ષિ ! (૧) પ્રજા (પ્રાણિઓ)ના શરીરને ધારણ કરનાર કૂલ કેટલા દેવતાઓ છે. (૨) તેમાંથી કોણ કોણ તેને પ્રકાશિત કરે છે. (૩) આ બધા દેવતાઓમાંથી સૌથી શ્રેષ્ઠ કોણ છે ?

ઉત્તર – મહર્ષિ પિપ્પલાદ ઉત્તર આપતાં કહે છે – આ આકાશ નામથી પ્રસિદ્ધ દેવતા બધા સ્થાવર જંગમનું આશ્રય સ્વરૂપ છે. તેનાથી ઉત્પન્ન બીજા દેવતા વાયુ, અગ્નિ, જળ, તથા પૃથ્વી છે જે ઉત્તરોત્તર એક બીજાના કાર્ય-રૂપ છે. આકાશથી વાયુની ઉત્પતિ થાય છે, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ, જળથી પૃથ્વીની ઉત્પતિ થાય છે. નેત્ર, કાન,મન પણ દેવતા છે. બધા પ્રાણિઓનાં શરીર આ દેવતાઓના આશ્રયથી રહે છે. ઉપરોક્ત દેવતાઓથી પ્રાણી શરીર ધારણ કરે છે તેથી આ દેવતાઓ ધારક દેવતા છે. વાણી આદિક પાંચ કર્મેન્દ્રિયો, નેત્ર કાન આદિક પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન આદિ ચાર અંત:કરણ આ ચૌદ દેવતા આ શરીરના ધારક અને પ્રકાશક છે. પ્રશ્નાના ત્રીજા અંશનો ઉત્તર આપતાં કહે છે – પ્રાણ જ અત્યંત શ્રેષ્ઠ છે. આ પ્રાણ જ અગ્નિ તથા સૂર્ય રૂપમાં તપે છે જેનાથી બધાને જીવન મળે છે. આ પ્રાણ જ વાદળ, ઇન્દ્ર, વાયુ રૂપથી વ્યાપ્ત છે. આ જ પૃથ્વી છે તથા રયિ-

સમસ્ત પ્રાણિઓનું ભૌતિક સ્વરૂપ છે. જે કાંઇ પણ સત્ અથવા અસત્ તથા અમૃત છે તે બધું જ પ્રાણ છે.

ત્રીજો પ્રશ્ન – ત્યાર પછી આશ્વલાયને વિન્રમ પૂર્વક ઋષિને પ્રશ્ન પૂછ્યો હે ભગવન્ ! આ પ્રાણ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? આ શરીરમાં કેવી રીતે પ્રવેશ કરે છે ? આ શરીરમાં વિભક્ત રીતે કેવી રીતે રહે છે ? શરીરને છોડતી વખતે કેવી રીતે શરીરમાંથી બહાર જાય છે ? કેવી રીતે બહારના જગતને ધારણ કરે છે ? કેવી રીતે આત્મા સંબન્ધી આંતરીક વ્યવહાર કરે છે ?

ઉત્તર – મહર્ષિ પિપ્પલાદ આ બધા પ્રશ્નોના ઉત્તર ક્રમશઃ આપતાં કહે છે – આત્માથી પ્રાણની ઉત્પત્તિ થાય છે. જેવી રીતે મનુષ્યને આધીન તેમની છાયા છે તેવી રીતે પ્રાણ પણ આત્માને આધીન છે. મરણ સમયે મનુષ્યને જેવી રીતની વાસના હોય છે તેવી રીતે નવા શરીરમાં પ્રાણ પ્રવેશ કરે છે. જેવી રીતે ચક્રવર્તી રાજાની સેવામાં ઘણા સેવકો રહે છે તેવી રીતે પ્રાણની સહાયમાં અપાન આદિક રહે છે. પ્રાણ કુલ પાંચ છે. હૃદયમાં પ્રાણ રહે છે. ગુદામાં અપાન રહે છે. નાભિમાં સમાન રહે છે. કંઠ પ્રદેશમાં ઉદાન રહે છે અને વ્યાન નામનો પ્રાણ સર્વ શરીરમાં રહેલો છે, અર્થાત્ સુષુમ્ના આદિ બોતેરહજાર નાડીઓમાં રહેલો છે. આ પ્રમાણે શરીરમાં પાંચ પ્રાણ રહીને કાર્ય કરે છે. પ્રાણના રહસ્યને જાણનાર મનુષ્ય ક્યારે પ્રાણનો નાશ નથી કરતા. વીર્યમાં પ્રાણનો નિવાસ છે, તેથી પ્રાણોની રક્ષા માટે વીર્યની રક્ષા કરવી અતિ જરૂરી છે. બ્રહ્મચર્યનું પાલન કરવું એ પ્રાણોની રક્ષાનું સૌથી ઉત્તમ સાધન છે. બ્રહ્મચર્યની રક્ષા કરીને જો મનુષ્ય પ્રાણોને ઉત્પન્ન કરનાર પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે, તે બ્રહ્માનન્દનો અનુભવ કરે છે. આ પ્રમાણે જો વિદ્વાન્ પ્રાણના સંપૂર્ણ રહસ્યને જાણી લે છે તે જન્મ મરણથી રહિત થઇને મોક્ષ પ્રાપ્ત કરી લે છે. અને તેનો વંશ ક્યારે છિન્ન ભિન્ન થયો નથી. સંતાન્ન પરંપરા ચાલતી રહે છે.

ચોથો પ્રશ્ન – ત્યારપછી સૌર્યાયણી ઋષિએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો. હે ભગવન્ ! (૧) આ પુરુષમાં કોણ કોણ સુવે છે ? (૨) કોણ કોણ જાગે છે ? (૩) સ્વપ્નાવસ્થામાં કયા દેવતા સ્વપ્નને જુવે છે ?(૪) કોને સ્વપ્ન (નિંદ્રાજનિત) સુખ થાય છે ? (૫) આ બધુ કોનામાં ખરેખર સ્થિર છે ?

ઉત્તર – મહર્ષિ પિપ્પલાદ સમજાવે છે કે – જેમ અસ્ત થવા સમયે સૂર્યની બધી જ કિરણો સૂર્યમાં જ સમાઇ જાય છે, તેવી રીતે બધી ઇન્દ્રિયો મનમાં વિલીન થઇ જાય છે. તેથી નિદ્રાના સમયે મનુષ્ય ન તો સાંભળે છે, ન દેખે છે, ન સૂંઘે છે, ન સ્વાદ લે છે, ન સ્પર્શ કરે છે, ન બોલે છે, ન ચાલે છે, આ પ્રમાણે ઇન્દ્રિયો તે સમયે પોત –પોતાના કામ બંધ કરી દે છે. તે સમયે કેવળ મન જાગે છે. પ્રાણ પણ મનની સાથે જાગે છે. સ્વપ્નનો અનુભવ તો જીવાત્મા કરે છે. જ્યારે સ્વપ્નાવસ્થામાં જીવાત્મા ઐશ્વર્યનો અનુભવ કરે છે અને તે સમયે જોવું – સાંભળવું વગેરે અનુભવ કરવા સમયે જીવાત્મા સ્વર્ગને તે જ દૃશ્યોની ભૂમિકામાં રહીને જુવે છે.

જ્યારે તે જીવાત્મા તેજ થી અભિભૂત થઇ જાય છે, અર્થાત્ નિદ્રાવસ્થામાં જ્યારે ઉદાનવાયુ જીવાત્માને બ્રહ્મનું નિવાસ સ્થાન જે હૃદય તેમાં લઇ જઇને સ્થિર કરી દે છે, ત્યારે એ એક પ્રકારના તેજથી ઘેરાઇ જાય છે, તે સમયે મન આદિ બધી ઇન્દ્રિયો શાંત થઇ જાય છે. તેથી જીવાત્મા સ્વપ્નને પણ નથી જોતો, પરન્તુ સુષુપ્તિના સુખનો અનુભવ કરે છે. કારણ કે બધા પરમાત્મામાં સ્થિર થઇ જાય છે.

પ્રશ્ન પાંચમો–સત્યકામે પૂછ્યુ હે ભગવન્ ! મનુષ્યોમાં જે કોઇ શરીર છોડ્યા સુધી અર્થાત્ જીવનભર ઑંકારની ઉપાસના કરે છે, તે મનુષ્ય મૃત્યુ પછી કયા લોકમાં જાય છે ?

ઉત્તર – મહર્ષિ ઉત્તર આપતાં કહે છે – હે સત્યકામ ! ઑંકાર જે છે તે જ બ્રહ્મ છે. તે ઑંકાર દિવ્યાકારયુક્ત પરબ્રહ્મરૂપ છે અને તે સાકાર સ્વરૂપે આ ચરાચર દૃશ્ય જગત્ છે. આ દૃશ્યમાન જગત્ જ તેની સત્તા દર્શાવે છે. તેથી વિદ્વાન પુરુષો ઑંકારને જણી લે છે અને તેની ઉપાસના કરીને બ્રહ્મલોકને પ્રાપ્ત કરી લે છે.

ક્રમશઃ

નવેમ્બર, ૨૦૧૩ શ્રી નરનારાયણદેવના રસોડાની સેવાના સેવકો

- પ.ભ. અ.નિ. ખીમજી રામજી કેરાઇ અ.નિ. વાલબાઇ ખીમજી કેરાઇ કુંન્દનપુર હ. કરસનભાઇ ખીમજી
- પ.ભ. અ.નિ. વિશ્રામ કરસન ખેતાણી, રતનબાઇ વિશ્રામ ખેતાણી હસ્તે વીરજી વિશ્રામ ખેતાણી
- પ.ભ. દેવરાજ કાનજી ભુડીયા હ. નારણ દેવરાજ ભુડીયા – માનકુવા
- પ.ભ. સામજી વાલજી ગોરસીયા, કુવંરબાઇ સામજી ગોરસીયા – માધાપર

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## દીપોત્સવ ઉત્સવ

આપણા ભુજ મંદિરમાં પરંપરાગત રીતે પર્વરાજ દીપોત્સવી પર્વોની ભવ્યાતિભવ્ય રીતે શાનદાર ઉજવણી કરવામાં આવી. વનવાસ પૂર્ણ કરી ભગવાન શ્રી રામ અયોધ્યા નગરીમાં પધાર્યા ત્યારે જે હર્ષોલ્લાસ સાથે નગરીને શણગારવામાં આવી હતી તેવા સુશોભિત શણગારો, પતાકાઓ અને વિદ્યુત રોશનીથી ભુજ મંદિરને શણગારવામાં આવ્યું હતું.

ધનતેરસથી પ્રારંભ થતાં આ પર્વે બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તોએ ધનતેરસના સપરમાં દિવસે ગાય માતા આયુર્વેદાચાર્ય ધન્વન્તરી અને ધન(લક્ષ્મી) નું પૂજન કરી ધન્યતા અનુભવી હતી. કાળીચૌદશનો પણ અનેરો મહિમા છે. રૂપચૌદશના આ દિવસે કષ્ટભંજન દેવની શાસ્ત્રોક્ત વિધિ વિધાન પૂર્વક પૂજા કરવામાં આવી હતી. હનુમાન પૂજનની સાથે હનુમાન ચાલીસાના પાઠનો અને મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં હજારોની સંખ્યામાં હરિભક્તો ભક્તિભાવ પૂર્વક પરમહિતકારી સંતો સાથે જોડાયા હતા. તો દિવાળીનો દિવસ તો અનેરો ઉત્સાહવર્ધક દિવસ હતો. પ્રભાતથી જ ડી.વી.ડી. વિમોચન જેવા વિવિધ કાર્યક્રમોએ સૌના આનંદમાં અભિવૃધ્ધિ કરી હતી. આ દિવસે સરસ્વતી પૂજન, લક્ષ્મીપૂજનની સાથે સાંજે ચોપડા પૂજનમાં શહેરના અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વેપારી હરિભક્તો અને સંતો શ્રધ્ધાભેર જોડાયા હતા. પૂ. ગુલાબ શંકર મહારાજે ચોપડા પૂજન કરાવ્યું હતું. સાંજે મંદિરના વિશાળ પ્રાંગણમાં ૧૦ હજાર દિવાઓ વિભિન્ન ધાર્મિક અને મંગલમય આકૃતિઓ સ્વરૂપે ગોઠવીને એક સાથે પ્રગટાવવામાં આવ્યા હતા. એક અલૌકિક વાતાવરણનું નિર્માણ થયું હતું. શીતળ પ્રકાશથી સૌના હૈયાને સાંત્વના સાંપડી હતી. કાળીચૌદશ તથા દીપોત્સોવના યજમાન પ.ભ. અ.નિ. ખીમજીભાઈ રામજી કેરાઈ ધ.પ. અ.નિ. વાલબાઈ સુપુત્ર કરશનભાઈ ધ.પ. કાન્તાબેન પૌત્ર રવી તથા પૌત્રીઓ મનીષા તથા મીનાબેન સહપરિવાર રહ્યા હતા.

નૂતન વર્ષના નવલ પ્રભાતથી મંદિરમાં હરિભક્તોની ભીડ જામી હતી. દેશ-વિદેશ અને સમગ્ર ભારતવર્ષમાંથી શ્રધ્ધાળુ હરિભક્તો અન્નકૂટના દિવ્ય દર્શનનો લહાવો લેવા હજારોની સંખ્યામાં પધાર્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી સંતવૃંદ ૧૫-૧૫ દિવસ અગાઉથી અન્નકૂટના ૫૬ ભોગની તૈયારીમાં વ્યસ્ત હતા. વાનગીઓ લાંબા સમય સુધી બગડે નહીં તે માટે કેળના પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. દૂધ અને ચાસણીની વાનગીઓ લાંબા સમય સુધી રહેતી નથી. અન્નકૂટની તૈયારીમાં સમગ્ર કચ્છમાંથી સાંખ્યયોગી બહેનો અને નજીકના ગામોમાંથી કર્મયોગી બહેનો પણ શ્રધ્ધા સાથે હોંશભેર જોડાય છે. આ દિવસ અતિ આનંદનો અને ઉમંગનો દિવસ હરિભક્તોના હૈયામાં નવી ચેતના સાથે ભક્તિભાવનો સંચાર કરે છે.

શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વતની પૂજા કરી ઈન્દ્રના ગર્વનું ખંડન કર્યું. ગોવર્ધન પૂજાની સ્મૃતિ સ્વરૂપે ગોવર્ધનપૂજા ઉપરાંત અન્નકૂટના ૫૬ ભોગ ઠાકોરજી આગળ ધરાવીને સંતોએ આરતી ઉતારીને અન્નકુટોત્સવની ઉજવણી કરવામાં આવી. જેના દર્શનથી હરિભક્તો કૃતાર્થ થયા અને હજારો હરિભક્તો અન્નકૂટનો મહાપ્રસાદ લઈને તૃપ્ત થયા હતા.

આપણા મંદિરની પરંપરાનુંસાર તા. ૧૩-૧૧-૧૩ના પ્રબોધિની એકાદશીના રોજ શ્રી નરનારાયણદેવ આદિ દેવોના શિખરો પર નવી ધજાઓ ચડાવવામાં આવી. દર માસની સુદ એકાદશીએ દેશ-વિદેશના હરિભક્તો ધજા ચડાવવાનો લાભ લે છે. કોઈ પણ એક શિખર કે એકથી વધુ શિખરો પર ધજા ચડાવવાનો લાભ લઈ શકાય છે. જે માટે રૂબરૂ કે ફોન દ્વારા શ્રી નરનારાયણદેવના કોઠારમાં નોંધણી કરાવી શકાય છે. સવારે મંગળા આરતી બાદ પૂજનમાં પણ બેસી શકો છો. કોઠારના ફોન નં.(૦૨૮૩૨) ૨૫૦૨૩૧/૩૩૧ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી સમગ્ર સંપ્રદાયમાં આ અન્નકૂટોત્સવ અનુપમ અને અદ્વિતીય થાય છે.

## કારતક સુદ-૧૧ પ્રબોધીની એકાદશીના દિવસે દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ.નિશાબેન માવજી રાબડીયા – માંડવી
- પ.ભ.મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા – માંડવી
- પ.ભ.યોગેશભાઈ કાનજી ભુડીયા–માનકુવા ભક્તિનગર
- પ.ભ.લાલજીભાઈ વિશ્રામ વેકરીયા – નારણપર
- પ.ભ.નીલેશભાઈ શંભુલાલ સોની – નારણપર
- પ.ભ.હિતેશકુમાર જેઠાલાલ માધાણી – ગોવા
- પ.ભ.પ્રીતિબેન ઘનશ્યામ ઠક્કર તથા રાજેશભાઈ અમૃતલાલ રાયમગીયા – ગાંધીધામ
- પ.ભ.માનબાઈ કરસન હિરાણી સહપરિવાર – માધાપર હ. નારણ કાનજી હિરાણી
- પ.ભ.કરસન મૂરજી વરસાણી સહપરિવાર – સુખપર
- પ.ભ.પ્રવીણભાઈ ગોપાલ હાલાઈ – ગોડપર
- પ.ભ.જેઠાલાલ વેલજી દરજી – ભુજ
- પ.ભ.ભીમજી મૂળજી ધ.પ. ધનબાઈ સહપરિવાર
- પ.ભ.સામબાઈ હિરજી ભુડીયા – માધાપર
- પ.ભ.વિશ્રામભાઈ વાલજી ભુવા – મદનપુર
- પ.ભ.હંસાબેન કેતન હાલાઈ–નારાણપર મોમ્બાસા હ. ગોવિંદ લક્ષ્મણ કેરાઈ
- પ.ભ.લાલજીભાઈ ધનજી વરસાણી – નારણપર
- પ.ભ.શીવજીભાઈ માવજી કેરાઈ – નારણપર
- પ.ભ.દક્ષાબેન જીતેન્દ્રકુમાર કેરાઈ – માનકુવા
- પ.ભ.ખીમજી કુંવરજી ગાજપરીયા ધ.પ. સીતુબેન, સુપુત્ર સત્યમ – પીયાવા માંડવી
- પ.ભ.જીવરાજભાઈ મનજી સાંખલા – નડીયાદ
- પ.ભ.કરસનભાઈ મૂરજી કાબરીયા – ગોડપર
- પ.ભ.વિનોદભાઈ ભીમજી મેપાણી – સુખપર
- પ.ભ.કરસનભાઈ વસતા કેરાઈ – નારણપર
- પ.ભ.દેવબાઈ પ્રેમજી શીવજી પિંડોરીયા – માધાપર
- સાં.યો. શાંતાબાઈ વિશ્રામ વેકરીયા – સુખપર
- પ.ભ.કેશરા ગોપાલ દબાસીયા – ભક્તિનગર
- પ.ભ.પ્રકાશભાઈ લાલજી હિરાણી – સુખપર
- પ.ભ.અરવિંદભાઈ માવજી લાધાણી – કેરા
- પ.ભ.નારણભાઈ મનજી હાલાઈ – સૂરજપર
- પ.ભ.ધનબાઈ વાલજી વેકરીયા–બળદિયા હ. દેવજી રામજી હિરાણી
- પ.ભ.રમેશભાઈ શામજી ચૌહાણ – નડીયાદ
- સાંયો. કાંતાબેન પરબત કેરાઈ – નારણપર હ. લાલજી વિશ્રામ વેકરીયા
- પ.ભ.અ.નિ. કરસન વિશ્રામ કેરાઈ ધ.પ. રતનબાઈ – નારણપર
- મહંત સાં.યો. શ્યામબાઈ અરજણ હિરાણી – ભુજ
- સાં.યો. અ.નિ. પ્રેમબાઈ આણંદા શિષ્ય મેઘબાઈ ખીમજી વાલાણી – બળદિયા
- પ.ભ.મયૂરભાઈ નારણ વેકરીયા – મીરજાપર
- પ.ભ.કાનજીભાઈ શીવજી ધનાણી – મદનપર
- પ.ભ.નવીનભાઈ હરજી રૂપાલિયા – સુખપર
- પ.ભ.દિશાબેન નીલેશ ભુડીયા – માધાપર
- પ.ભ.માનુબેન દેવજી તથા ભાનુબેન પ્રીતેશ હિરાણી
- પ.ભ.પુરબાઈ ભીમજી શિયાણી – મદનપર
- પ.ભ.પ્રવીણભાઈ રામજી ભુડીયા – માધાપર
- પ.ભ.રસીકલાલ મોહનજી જોબનપુત્રા ધ.પ. અનસુયાબેન, પુત્રી હેતલ – ભુજ
- પ.ભ.રમેશભાઈ હિરજી મેપાણી – સુખપર
- પ.ભ.અ.નિ. રવજીભાઈ કાનજી ગોંડરીયા, ધ.પ. માનબાઈ રવજી – મીરજાપર
- પ.ભ.કાંતિભાઈ વિશ્રામ વેકરીયા – કેરા
- પ.ભ.સુરેશભાઈ લાલજી – કુંદનપર
- પ.ભ.ગોવિંદભાઈ જેઠા કેરાઈ તથા કાનજી ગોવિંદ કેરાઈ પુત્ર મનીષ – મદનપર
- પ.ભ.દિનેશભાઈ દેવજી દબાસીયા – માધાપર
- પ.ભ.મનજીભાઈ કુંવરજી હાલાઈ ધ.પ. પૂરબાઈ – મીરજાપર
- પ.ભ.યોગેશભાઈ રામજી પિંડોરીયા – નારણપર
- પ.ભ.રાધાબાઈ માવજી હાલાઈ – નારણપર
- સાં.યો. વિજયાબેન ધનજી કેરાઈ – સુખપર
- સાં.યો. દક્ષાબેન હરજી વાધાણી – સુખપર

- પ.ભ.મુકુંદભાઈ નિલેશ કેરાઈ – નારણપર
- પ.ભ.અ.નિ. ખીમજીભાઈ રામજી કેરાઈ તથા અ.નિ. વાલબાઈ ખીમજીના સ્મરણાર્થે – કુંદનપર હ. કરસનભાઈ ખીમજી સહપરિવાર
- પ.ભ.રમીલાબેન તથા પુષ્પાબેન – માંડવી
- પ.ભ.માવજીભાઈ નારાણ કારા – માંડવી હ. પ્રકાશ તથા વિનેશ માવજી – હાલે કંપાલા
- પ.ભ.ગોરબાઈ કરસન હિરાણી – કોડકી યુવક મંડળ દશાબ્દી શિબિર નિમિત્તે
- સાં.યો. પૂરબાઈ ખીમજી – ભક્તિનગર
- પ.ભ.કુંવરજીભાઈ લાલજી વેકરીયા હ. નારાણભાઈ સહપરિવાર – નારાણપર
- અ.નિ. સાં.યો. પૂરબાઈ પુંજાની સ્મૃતિમાં હ. સાં.યો. કુંવરબાઈ હિરાલાલ – માધાપર
- પ.ભ.અ.નિ. કલ્યાણભાઈ લાલજી કેરાઈ, ધ.પ. પ્રેમબાઈ – નારણપર
- પ.ભ.અ.નિ. ખીમજીભાઈ રામજી કેરાઈ તથા અ.નિ. વાલબાઈ ખીમજીના સ્મરણાર્થે – કુંદનપર હ. કરસનભાઈ ખીમજી સહપરિવાર – બોલ્ટન
- સાં.યો. પૂરબાઈ ખીમજી – ભક્તિનગર
- પ.ભ.દિનેશભાઈ દેવશી રાબડીયા – સુખપર
- પ.ભ.હરીશભાઈ ભીમજી મેપાણી – સુખપર
- પ.ભ.અ.નિ. ખીમજીભાઈ રામજી કેરાઈ તથા અ.નિ. વાલબાઈ ખીમજીના સ્મરણાર્થે – કુંદનપર હ. કરસનભાઈ ખીમજી સહપરિવાર – બોલ્ટન
- સાં.યો. પૂરબાઈ ખીમજી – ભક્તિનગર
- પ.ભ.અનિલભાઈ દેવજી હીરાણી – બળદીયા હાલે ઈસ્ટ લંડન
- પ.ભ.હરજીભાઈ રવજી કેરાઈ – ગોધરા માંડવી હ. અરવિંદભાઈ તથા રમેશભાઈ
- પ.ભ.કાનજીભાઈ મનજી પિંડોરીયા – પીયાવા માંડવી હાલે ઓસ્ટ્રેલિયા હ. શાંતિલાલ કાનજી પિંડોરીયા
- પ.ભ.હસુભાઈ ઠક્કર – ભુજ
- પ.ભ.ધીરજ જાદવા કેરાઈ – નારણપર ની.વા.

## પંચાહ્ન પારાયણ – ભુજ

ભગવાનશ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી ભુજ મંદિરમાં ગામ કોડકીના પિતાશ્રી અ.નિ. ગોવિંદ જેઠા ડબાસીયા તથા અ.નિ. માતુશ્રી કાનબાઈના સ્મૃતિમાં ચિ. સુપુત્રો લાલજીભાઈ, અરજણભાઈ તથા કેશરાભાઈ, તરફથી કથા પારાયણ તા. ૧૮–૧૧–૨૦૧૩ થી તા. ૨૨–૧૧–૨૦૧૩ સુધી પાંચ દિવસ પાટે 'સ્નેહગીતા' ઉપર વક્તાશ્રી પુરાણી સ્વામી પરમહંસદાસજીએ વ્યાસાસને બિરાજીને કથાનું અમૃતપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ભુજ તેમજ કોડકી ગામના યજમાનશ્રીના સબંધીઓ બહોળી સંખ્યામાં હાજરી આપેલ. અને કથાનો લાભ લીધેલ. તા. ૨૨–૧૧–૨૦૧૩ના છેલ્લા દિવસે સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વાદ સાથે મંદિર તરફથી પહેરામણી યજમાનશ્રીને આપેલ હતી.

## તુલસી વિવાહ – ભુજ

તુલસી વિવાહનું પણ અનેરું અને આગવું મહત્ત્વ છે. તા. ૧૭–૧૧–૧૩ના રોજ શ્રીજી મહારાજની કૃપા અને સંતોના આશીર્વાદથી તુલસી વિવાહ મહોત્સવ અતિ ઉમંગભેર ધામધૂમથી ઉજવાયો. જેમાં વરપક્ષ(ઠાકોરજી)ના યજમાન પદે મૂળ આડેસરના હાલે ભુજના પ.ભ. શ્રી કાંતિલાલ હરીલાલ મીરાણી, ધ.પ. અ.સૌ. રૂક્ષ્મણીબેન સહપરિવાર રહ્યા હતા. અને કન્યા(તુલસીમાતા)ના યજમાન પદે ભુજના પ.ભ. શ્રી રસીકલાલ બાબુલાલ સલાટ, ધ.પ. અ.સૌ. આશાબેન સહપરિવાર રહ્યા હતા. અને હસ્તમેળાપ, નગરયાત્રા(વરઘોડો) અને ભોજનપ્રસાદ જેવા કાર્યક્રમો યોજાયા હતા અને હરિભક્તોએ ઉત્સાહભેર ભક્તિભાવથી માણ્યા હતા.

# સત્સંગ સમાચાર

## દશાબ્દી શિબિર - ૨૦૧૩

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપા અને પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો દશાબ્દી મહોત્સવ 'દશાબ્દી શિબિર – ૨૦૧૩' તા. ૮–૧૧–૨૦૧૩ થી તા. ૧૨–૧૧–૨૦૧૩ સુધી સુનિયોજિત રીતે દબદબાભેર ભુજ મધ્યે સંપન્ન થયો.

લાભ પાંચમ તા. ૮–૧૧–૨૦૧૩ના સવારે ૮ વાગ્યે આ આંતરરાષ્ટ્રીય દશાબ્દી શિબિરનો મંગલ પ્રારંભ કરવા પધારેલ સદૈવ સ્મરણીય પૂજ્ય મહંત સ્વામીનું યુવકોએ દિવ્ય ચેતના, ભક્તિના તેજ અને ઉર્ધ્વગતિ (મશાલની જ્યોત હંમેશાં ઉપર જાય) ના પ્રતીક સમી પ્રજ્જવલિત મશાલ હાથમાં લઈને પથ પ્રદર્શન કરી બદ્રિકાશ્રમ (સભામંડપ) સુધી દોરી ગયા, મહંત સ્વામી સાથે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો પ્રસંગની દિવ્યતામાં અભિવૃધ્ધિ કરતા હતા. સભામંચ પર ત્રણ સ્થળોએ ભક્તિ, (યુવા)શક્તિ અને 'નિજાત્માનમ્' ના ત્રિવેણી સંગમના ભાવને વ્યક્ત કરતી ત્રણ–ત્રણ દીપમાળાઓ પ્રગટાવીને શિબિરની શરૂઆત કરવામાં આવી. દીપપ્રાગટ્ય સાથે જ સર્વત્ર જ્ઞાન–પ્રકાશ ફેલાયો અને વાતાવરણ શ્રી નરનારાયણદેવના જયઘોષથી ગુંજી ઉઠ્યું. દીપપ્રાગટ્યમાં મહંત સ્વામી સાથે જાદવજી ભગત, શ્રીહરિદાસજી સ્વામી, કેશવપ્રસાદદાસજી સ્વામી, સનાતનદાસજી સ્વામી આદિ વડીલ સંતો જોડાયા હતા.

સભાપતિ શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ સંતોના આગમનને વધાવતાં સ્વાગત–સન્માનના દોરનો પ્રારંભ કર્યો. સ.ગુ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતનું ફૂલહારથી સ્વાગત સન્માન અનુક્રમે પુ.સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કર્યું. સભાપતિએ દશ વર્ષની ઉપલબ્ધિ ગણાવીને દશાબ્દી શિબિરનો હેતુ સ્પષ્ટ કરતાં આ શિબિરમાં દેશ–વિદેશથી પધારેલ શિબિરાર્થીઓને બિરદાવેલ. વધુમાં તેઓએ જણાવ્યું કે શ્રી નરનારાયણદેવનો પ્રતાપ, વડીલ સંતોનાં અંતરના આશીર્વાદ, યુવા સંતો અને યુવકોની જહેમત અને મહેનતથી આ શિબિરનું સફળ આયોજન થયું છે.

શિબિરને ખુલ્લી મૂકતાં આશીર્વચનમાં મહંત સ્વામીએ જણાવેલ કે આર્ષદષ્ટા અ.નિ. પ.પૂ. મહંત સ.પુ. સ્વામી હરિસ્વરૂપદાસજી સત્સંગના વિકાસ માટે સદાય ચિંતા સેવતા. આજથી દસ વર્ષ પહેલાં સત્સંગની તત્કાલીન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ યુવાધનને નજર સમક્ષ રાખીને સત્સંગના ભવિષ્યના ઉત્કર્ષાર્થે વડીલ, યુવા અને વિદ્વાન સંતો સાથે પરામર્શ કરી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરી. સંતોની દસ–દસ વર્ષની મહેનતનું પરિણામ આજે આપણે દશાબ્દી શિબિર સમયે નિહાળી શકીએ છીએ. બ્રહ્મનિષ્ઠ સંતોએ નિષ્ઠાવાન કર્મનિષ્ઠ યુવાનોની મતિને નવી દિશા સાથે પ્રગતિ બક્ષી છે. ભાલે તિલક–ચાંદલા સહિત

ઉપસ્થિત ૧૮૦૦ જેટલા શિબિરાર્થીઓને આનંદિત સ્વરોમાં ભલામણ કરી કે આપ સર્વે શ્રી નરનારાયણદેવને વિષે દૃઢ નિષ્ઠાવાન થઈને રહેજો.

વિરામ બાદ શરૂ થયેલ સભાને સંબોધતા કોઠારી પાર્ષદ જીદવજી ભગતે અંતરના ઉદ્‌ગારો વ્યક્ત કરતાં જણાવ્યું કે મહારાજે ભુજમાં મંદિરનું નિર્માણ કરી પરમ દયાળુ શ્રી નરનારાયણદેવ આપણને આપ્યા છે. મંદિર સમાજ નિર્માણનું કેન્દ્ર છે. મંદિરના માધ્યમથી સત્સંગની સાથોસાથ અનેક પ્રકારની સમાજલક્ષી અને જીવદયાલક્ષી પ્રવૃત્તિઓ થાય છે, જેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો ઉમળકા સાથે હોંશભેર જોડાઈને મહારાજનો રાજીપો મેળવે છે.

પૂ. કોઠારી સ્વામી હરિબળદાસજીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે સત્સંગના ઈતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો અનેક પ્રકારની અસુવિધાઓ, વિઘ્નો અને તકલીફો વચ્ચે આપણા વડીલ સંતોએ શ્રી નરનારાયણદેવ પ્રતિ નિષ્ઠા રાખીને સત્સંગ ટકાવ્યો છે. કચ્છ સત્સંગના ગુરુ સ.ગુ. અક્ષરજીવનદાસજી સ્વામીની આજ્ઞાનું અનુસરણ કર્યું છે. શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠા રાખજો, તેમનો આશરો રાખજો. મહારાજ આપણું સર્વ રીતે સારું કરશે. નિયમ, નિષ્ઠા અને પક્ષ રાખીને સત્સંગ કરી લેજો.

ઈન્દોરથી પધારેલ શિબિરાર્થી શ્રી વિજય લાલજી નાકરાણીએ પોતાના મંતવ્ય રજૂ કરતાં જણાવેલ કે શ્રી નરનારાયણદેવનો ખૂબ પ્રતાપ છે અને તેમના પ્રતાપે જ આજે આ શિબિરમાં જોડાવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. મંદિર દ્વારા થતી આવી પ્રશંસનીય પ્રવૃત્તિ થકી જ આપણા જીવનમાં સત્સંગનું બળ સાંપડે છે અને આપણે મહારાજ સાથે જોડાયેલા રહીએ છીએ. તે બદલ સંતોના આપણે ઋણી છીએ.

પુરાણી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ પોતાના આશીર્વચનમાં ચિહ્ને, તિલક-ચાંદલો ધારણ કરવાની સાથે સત્સંગમાં દાસત્વભાવે વર્તવાની વાત કરી હતી.

| ૧૦૩ | ૧૮૦૦ | ૭૫ |
|---|---|---|
| ગામના યુવાનો | યુવાનો જોડાયા | સંતોની જહેમત |

કેન્યા, યુગાન્ડા, ટાંઝાનીયા, નૈરોબી, યુ.કે., સીંગાપોર, સીસલ્સ, ઓસ્ટ્રેલીયા, આરબ કંટ્રીઝ, મસ્કત, સલાલા, દુબઈ વગેરે દેશોમાંથી યુવાનો આવ્યા અને શિબિરમાં જોડાયા.

દરરોજ ૧૦X૧૨ના વિશાળ LED સ્ક્રીન પર નિદર્શન સાથે સમજ અને માર્ગદર્શન

## વિમોચન

શ્રી ઘનશ્યામ મહારાજની ધ્યાનમૂર્તિ, બેગ, કેલેન્ડર, સત્સંગ અભ્યાસક્રમ સોપાન-૪, પ્રમાણપત્ર તથા નરનારાયણ વર્તુળ-માર્ગદર્શિકાનું વિમોચન મહંત સ્વામીના વરદ્ હસ્તે થયું.

૧૦ ગ્રુપ દ્વારા ચર્ચા અને વિચાર વિમર્શ

## યજમાન

તમામ ખર્ચ શિબિરાર્થી યુવકોએ જ વહન કરી યજમાન પદ શોભાવ્યું.

દરરોજ બપોરે ખુલ્લા સત્રમાં હજારો હરિભક્તોની ઉપસ્થિતિ દ્વારા યુવકોને પ્રોત્સાહન

## જીવનશુધ્ધિ સત્ર

આંતર:શત્રુઓને વશ કરી જીવનશુધ્ધિ અર્થે યુવાનો સજ્જ થયા અને શુધ્ધ જીવન જીવવાની પ્રતિજ્ઞા લીધી.

**સત્સંગ સમાચારો અધિક હોવાથી બીજા વિભાગો છાપી શકાયા નથી.**

– તંત્રી

## ૫૦૦ થી વધુ

યુવાનો વ્યસનમુક્ત થયા, ચા તથા બહારનું ખાવાનું પણ છોડ્યું. કેટલાક યુવાનો પોતાના અંતરમાં પીડતા અંત:શત્રુઓ તથા સ્વભાવો ટાળવા સંતો સુધી આવ્યા હતા.

કેટલાય શિબિરાર્થી ભક્તો પદયાત્રા કરીને શિબિરમાં પધાર્યા કોઈએ પાંચ દિવસ ઉપવાસ કર્યા તો કોઈ માત્ર એક જ ટાઈમ આહાર લેતા.

**:: બપોરનું સત્ર ::**

દરરોજ બપોરના સત્રમાં વ્યાસાસને બિરાજમાન થઈ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની રોચક અને સચોટ શૈલીમાં મનનીય પ્રવચનો દ્વારા શ્રોતાગણને મંત્રમુગ્ધ કરેલ.

પ્રથમ દિવસે 'મંદિર મહિમા' વિષે સમજાવતાં જણાવેલ કે ભગવાનના અર્ચાસ્વરૂપની વેદોક્ત વિધિથી પ્રતિષ્ઠા થઈ હોય, પંચરાત્ર શાસ્ત્ર પ્રમાણે અને શિત્રાપત્રીમાં નિર્દિષ્ટ આજ્ઞા મુજબ સેવા પૂજા થતી હોય તે મંદિર. કચ્છના સત્સંગ પર કૃપા કરીને મહારાજે ભુજ મંદિરનું નિર્માણ કરી શ્રી નરનારાયણદેવ આપ્યા. સૌને તેના શરણે રહેવાની આજ્ઞા કરી છે. મંદિરના માધ્યમથી અનેક પ્રકારની સત્સંગ અને સમાજલક્ષી પ્રવૃત્તિઓ થાય છે. મંદિર એ સદાચારી સમાજ નિર્માણનું કેન્દ્ર છે.

દ્વિતીય દિવસે 'સંત મહિમા' વર્ણવતાં જણાવેલ કે સંત એ સદ્ભાવ અને સત્સંગની સરિતા છે. સત્સંગની દૃઢતા, માનસિક શાંતિ અને જીવન સાફલ્ય માટે સંત સમાગમ આવશ્યક છે. જેનું જીવન મહારાજની આજ્ઞા અને ઉપસનામાં ઓતપ્રોત હોય અને પોતાનું જીવન દાસત્વભાવે ભગવાનને શરણે-ચરણે સમર્પિત કર્યું હોય તેવા અનેક સંતોની દિવ્યતાની આભાથી આપણો સત્સંગ પ્રકાશમય છે. આવા અનેક સમર્થ સંતોના જીવન પ્રસંગોનું ઉદાહરણો સાથે શબ્દ દર્શન કરાવી સંતોનો મહિમા વર્ણવેલ.

તૃતીય દિવસે 'મહારાજ અને મહામંત્ર મહિમા' અંતર્ગત જણાવેલ કે અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા, કાળ-માયાના નિયંતા, સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત અને શિક્ષાપત્રી જેવા સત્શાસ્ત્રોનું સર્જન કરી આપણી સમસ્યાઓનું સમાધાન કરી સૌને સુખિયા કર્યા છે. સર્વે સત્સંગીઓને 'સ્વામિનારાયણ' મહામંત્રનો નિશદિન જાપ કરવો જોઈએ. આ મહામંત્રમાં અદમ્ય તાકાત છે. જીવનના અંધકારને પ્રકાશપૂંજથી ભરી દે છે. આપણા સર્વે વિઘ્નો દૂર કરે છે. સર્વે સંતાપ હરી લે છે. જેનાં ઉદાહરણો રજૂ કરી મહામંત્રના મહિમાની પ્રતીતિ કરાવેલ.

ચતુર્થ દિવસે 'શાસ્ત્રો અને ભક્તોનો મહિમા' વિષે જ્ઞાન પ્રકાશિત કરતાં સંપ્રદાયનો મહિમા ગાતાં તેમાં રહેલી ભવ્યતા, વિશાળતા અને દિવ્યતા વર્ણવી તેના સારનું વર્ણન કરેલ. આવા સત્શાસ્ત્રોના સિધ્ધાતોને જીવનમાં ઉતારી મહારાજનું શરણ સ્વીકારનાર ભક્તોનાં પ્રસંગો સાથે શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સત્રમાં સંતો ઉપરાંત અનેક મહાનુભાવ હરિભક્તોએ હાજરી આપી સત્સંગનું ભાથું ભર્યું હતું. મંદિરના કોઠારી માનનીય શ્રી રવજીભાઈ ભુડીયા, ઉપકોઠારી શ્રી અર્જુનભાઈ દબાસીયા, ટ્રસ્ટીઓ સર્વશ્રી પ્રેમજીભાઈ રાઘવાણી, મૂરજીભાઈ શિયાણી, આદિ ટ્રસ્ટીઓ તેમજ કન્યા વિદ્યામંદિરના પ્રમુખ શ્રી વિશ્રામભાઈ દબાસીયા, મંત્રીશ્રી પ્રવીણભાઈ પીંડોરીયા, ટ્રસ્ટીશ્રી લાલજીભાઈ રૂપાલીયા, કેળવણી મંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી જનકભાઈ ભટ્ટ, વિદ્યાર્થી ભવનના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુડીયા, પૂર્વ કોઠારી શ્રી મહેશભાઈ ઠક્કર આદિ ઉપસ્થિત રહ્યા હતા.

(ગાર્ડ ઓફ ઓનર)
૨૦૦ મશાલોથી સ્વાગત-વંદના
(મહંત સ્વામી-વડીલ સંતોને આવકાર)

જેમ જેમ શિબિર પ્રારંભનો દિવસ નજીક

આવતો ગયો તેમ તેમ સંતો અને યુવકોમાં જોમ અને ઉત્સાહ પણ વધતો ગયો. ૩૦ જેટલા સંતો સાથે રહીને ત્રણ-ત્રણ કાન્તિભાઇ કેરાઇ નરનારાયણનગર, કાન્તિભાઇ પાધરા મદનપુર અને કાન્તિભાઇ વરસાણી માધાપર આદિ હરિભક્તો ઉત્સવની પૂર્વ તૈયારીમાં લાગી ગયા. તેમાંય કન્યા વિદ્યામંદિરના ટ્રસ્ટી પ.ભ.લાલજીભાઇ રૂપાલીયાની સેવા નોંધપાત્ર રહી. શિબિરાર્થીઓના રહેવાની-જમવાની તેમજ અન્ય સુવિધાઓ કરવામાં હરિભક્તોએ ખભે ખભા મિલાવી પ્રેરણાદાયક કાર્ય કર્યું.

દરરોજ સવારે શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી ૧૦૮૧૨ ના વિશાળ સ્ક્રીન ધરાવતા ર્વીક્ટ દ્વારા વચનામૃત આધારિત ગહન વિષયો પ્રેઝન્ટેશન દ્વારા શિબિરાર્થીઓને ઝીણવટપૂર્વક સમજાવતા. વચનામૃતનું નિરંતર વાંચન કર્યું હોય તો પણ સમજવું મુશ્કેલ છે એવા ગહન વિષયોને સરળ અને રસપ્રદ ભાષામાં રજૂ કરી ઝણવટભરી છણાવટ કરી સહજ રીતે સમજ આપી હતી. તેમની સમજાવવાની પધ્ધતિએ શિબિરાર્થીઓમાં જિજ્ઞાસા જાગૃત કરી હતી. દરરોજ એક વિષય લઇ પાંચ દિવસમાં ૧-સ્થૂળ શરીર, ૨-સૂક્ષ્મ શરીર, ૩-સાંખ્ય વિચાર, ૪-બ્રહ્મરૂપની ભાવના, અને ૫-સેવા જેવા ભારે વિષયોને પોતાની વિદ્વતા અને સરળતાના સથવારે સહજ અને રસપ્રદ બનાવ્યા હતા. યુવાનોમાં આ પ્રેઝન્ટેશન દ્વારા સંસ્કારોનું સિંચન કરવાનો અને સાચા સત્સંગની ઓળખ આપવાનો આ અનેરો પ્રયાસ હતો. આવા પ્રેઝન્ટેશન જ યુવાનોને સત્સંગના રંગે રંગીને શિબિરના હેતુને સિધ્ધ કરવામાં અતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ પ્રેઝન્ટેશનમાં શાસ્ત્રી સ્વામીએ દરેક વિષયની વ્યાખ્યા, મહત્ત્વ, અર્થ, સત્સંગની દ્રઢતા અને જીવનમાં આવશ્યકતા વિષે ચિંતનાત્મક રજૂઆત કરી શિબિરાર્થીઓના કુતૂહલને યોગ્ય અને સંતોષકારક રીતે પુષ્ટ કરેલ.

શારીરિક શ્રમ પછી જેમ વિશ્રામની આવશ્યકતા અનિર્વાય છે તેવી રીતે ગહન જ્ઞાન મેળવતાં મેળવતાં મગજને પણ થાક લાગે છે ત્યારે થોડી હળવી પળો દ્વારા મનોરંજનની જરૂર પડે છે. જ્ઞાન સાથે ગમ્મત મળે અને માઇન્ડ ફ્રેસ થઇ જાય તેવી ઇન્ડોર ગેમ્સ રમતોનું દરરોજ આયોજન કરવામાં આવતું. આવી રમતો મગજને તાજગી આપવાની સાથે એકાગ્રતા અને કૌશલ્યમાં પણ વધારો કરે છે. શિબિરાર્થીઓએ આ રમતોની ખૂબ મજા માણી હતી અને મનભરીને મસ્તી મજાક સાથે આનંદની અનુભૂતિ કરી હતી.

જીવનમાં જેમ આનંદની આવશ્યક્તા છે તેમ ધ્યાન પણ અનિવાર્ય છે. પરંતુ ધ્યાનની સમજથી સૌ કોઇ પરિચિત નથી. ધ્યાનની વ્યાખ્યા સમજાય તો ધ્યાનની સમજ કેળવી શકાય. દરરોજ રાત્રે પાર્ષદ ખીમજી ભગત અને પુરાણી સ્વામી પરમહંસદાસજીએ ધ્યાન વિષે મનનીય પ્રવચનો દ્વારા સમજ આપી.

પ.પૂ. શ્રીહરિદાસજી સ્વામી તથા પ.પૂ. સ્વયંપ્રકાશદાસજી સ્વામીએ શિબિર અંગેના પોતાનાં પ્રતિભાવો વ્યક્ત કરતાં યુવાપ્રવૃત્તિને બિરદાવી હતી. જીવનમાં આહારની શુધ્ધિ અને આચરણમાં સૌમ્યતા પર વિશેષ ભાર આપેલ. વ્યસનમુક્તિના પ્રખર સમર્થક એવા આ બંને સંતો વ્યસન છોડનાર વ્યક્તિને મહારાજનું શરણું સ્વીકારવાનો બોધ આપતા તેમજ પ્રસાદીનું સફરજન આપી પ્રોત્સાહિત કરતા અને વધુને વધુ વ્યક્તિ વ્યસનમુક્ત બને તે માટે પ્રયત્નશીલ રહેવાની ભલામણ પણ કરે છે. તેઓએ વધુમા જણાવેલ કે પાપ દરેક વ્યક્તિને રડાવે છે. પછી એ વ્યક્તિ ગમે તેટલી મોટી હોય પરંતુ એક તાકાત એવી છે કે પાપ તેની આગળ રડે છે.

સ.ગુ. દેવકૃષ્ણદાસજીસ્વામી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોએ પોતાનાં આશીર્વચનનો લાભ શિબિરાર્થીઓને આપ્યો હતો. જીવન ઘડતરમાં ભક્તિનાં સંસ્કારો અને સત્સંગની દ્રઢતા જ ભક્તને ભગવાનની નજીક લઈ જાય છે. ભક્ત અને ભગવાન

વચ્ચે સંતસમાગમ કડી રૂપ ભૂમિકા ભજવે છે અને આ શિબિર એ જ કાર્ય કરી શિબિરાર્થીઓને કર્તવ્યનિષ્ઠ અને ધર્મનિષ્ઠ ભક્ત બનાવી તેમનાં જીવનને કલ્યાણકારી અને સાચા સત્સંગીને છાજે એવા ગુણોથી ભરપૂર બનાવવાના સંનિષ્ઠ કાર્યો કરે છે, જે આપણા સત્સંગનું સૌભાગ્ય છે.

યુવાશક્તિના વિકાસ અને સત્સંગના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત જાગૃત એવા પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી, પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત આદિ સંતોએ દિવસ-રાત જોયા વગર શિબિરનું આયોજન, શિબિરની પૂર્વતૈયારી, શિબિર શરૂ થતાં સબંધિત વ્યવસ્થાઓ અને અનેકવિધ કાર્યવાહી, શિબિરાર્થીઓની સાર-સંભાળ, સંતવૃંદ માટે યોગ્ય વ્યવસ્થા, પધારતા મહાનુભાવોને ઉચિત સ્થાન અને ઉચિત આવકાર વગેરેમાં કઠોર પરિશ્રમ સાથે શિબિરના હેતુની સફળતા માટે તનતોડ મહેનત કરી હતી.

**:: રાત્રી કાર્યક્રમો ::**

શિબિરાર્થીઓનો દિવસભરનો થાક દૂર થઈ જાય તેવા રાત્રી કાર્યક્રમોએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. શિબિરાર્થીઓ રાત્રી કાર્યક્રમો માટે ઉત્સુક્ત રહેતા.

પ્રથમ દિવસે 'ગુરુમંત્ર' વિષે વક્તા શા. સ્વામી સુખદેવસ્વરૂપદાસજીએ મનનીય પ્રવચન દ્વારા માહિતી આપી શિબિરાર્થીઓનાં મન જીતી લીધા હતા. 'ગુરુમંત્ર'ની આવશ્યકતા-અનિવાર્યતાની સમજણ સાથેની વિસ્તૃત માહિતી આપતાં એ વાત પર ભાર મૂક્યો કે ગુરુમંત્ર સંપ્રદાયના પાયાનું કાર્ય કરે છે.

બીજા દિવસની રાત્રી સભામાં શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ વર્તમાન પરિસ્થિતિમાં અતિ આવશ્યક 'એકતા' વિષય પર ચિંતનશીલ પ્રવચન રજૂ કરતાં જણાવેલ કે આજે શિબિરમાં ૧૮૦૦ જેટલા યુવકો હાજર છે એ 'એકતા'નું દ્યોતક છે. આથી વિશેષ એકતાનું ઉદાહરણ કયું હોઈ શકે ? ટીવી. ફિલ્મ, ડિસ્કો અને હલકાં મનોરંજનના સમયને વ્યર્થ વ્યતીત કરતા યુવકોમાં ક્યારેય એકતાનાં દર્શન થયા છે ખરા ? જ્યારે ધર્મના નેજા હેઠળ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આવા શિબિરમાં સ્વેચ્છાએ આવેલા આપણા યુવકો આપણી એકતાની જીવતી જાગતી મિસાલ છે, જીવનમાં, કુટુંબમાં અને સમાજમાં ખરેખર એકતા કેવી રીતે રહે તેની સમજ પણ આપી હતી. જ્યાં જ્યાં ઉપાસના અને દેવસ્થાને શાસ્ત્ર હશે ત્યાં ત્યાં એકતામાં દૃઢતા અને અખંડિતતા રહેશે. ધર્મનિષ્ઠ સમાજ એકતાને પ્રાધાન્ય આપે છે માટે શ્રી નરનારાયણદેવનું શરણું લેવું. જેથી હૃદય સદ્‌ભાવનાથી જ ભર્યું ભર્યું રહેશે, આંતરશત્રુઓ પરાજિત થશે, અલગતાની વૃત્તિનો ક્ષય થશે અને પરસ્પર એકતાના તાંતણે સૌ બંધાયેલા રહેશે. એકતામાં એવું સામર્થ્ય સમાયેલું છે કે તેની સામે કોઈ અડચણ કે સમસ્યા ટકી શકતા નથી. સત્સંગનું બળ લઈ, ભક્તિની દૃઢતા સાથે એક થઈ શ્રીજી મહારાજનું શરણ સ્વીકારી જીવનને ધન્ય બનાવવાનું છે.

ત્રીજા દિવસની રાત્રી કાર્યકર્મ એટલે યૌવનને હેલે ચડાવવાનો કાર્યક્રમ હતો રાસ, આબાલવૃધ્ધ સૌનો અતિપ્રિય કાર્યક્રમ એટલે રાસોત્સવ. સમગ્ર ઉધ્ધવ સંપ્રદાય અને તેમાંય ખાસ કરીને ગુજરાત તો રાસ શબ્દ સાંભળીને જ રોમાંચિત તઈ ઊઠે છે. શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનમાં ખેલેલા રાસની સ્મૃતિ તાજી કરાવે છે. સંતોનો એક ગ્રુપ અને ૬ ગ્રુપ શિબિરાર્થીઓના એમ ૭ ગ્રુપમાં જ્યારે ૧૮૦૦ થી વધુ સમર્પિત હરિભક્તો મનમૂકીને ઉમંગભેર રાસ રમતા હોય તે અનન્ય અવસર માણવા જેવો બની રહ્યો. ઓરકેસ્ટ્રાના સથવારે યુવકો જાણે હવામાં ઊડતા હોય તેવી ગતિશીલતા સાથે રાસ રમી રહ્યા હતા. સૌના ચિત્તમાં પ્રસન્નતા ભરી દેનારી આ રાત્રી શિબિરાર્થીઓને ચિરકાળ પર્યંત સ્મૃતિમાં રહેશે.

ચોથા દિવસની રાત્રીએ એક અદ્‌ભુત કાર્યક્રમ યોજાઈ ગયો. ત્રણ–ત્રણ સંતોની બે ટીમ પાડવામાં આવી. જ્ઞાન, ચિંતન, મનન, માન્યતા અને સમર્પણની ખરા અર્થમાં કસોટી થઈ જાય એવા આ કાર્યક્રમમાં ‘સેવા’ અને ‘કથા’ પર વિચાર વિમર્શ અને ચિંતનાત્મક ચર્ચાનો દોર શરૂ થયો. સેવાપ્રધાન બાબતોની રજૂઆત અને છણાવટ થાય ત્યારે સૌને એમ થતું કે ભક્તિમાં સેવાનું જ પ્રાધાન્ય હોવું જોઈએ. સૌ શિબિરાર્થીઓ તેના સમર્થનમાં પક્ષમાં જોડાઈ જતા. સામે ‘કથા’ પક્ષના સંતો પણ એટલા જ તૈયાર હતા અને કથાપ્રધાન વાર્તાલાપ શરૂ થાય, દલીલો થાય, મહત્ત્વની માહિતી મળે અને કથા જ ભક્તિનું મૂળ સ્રોત છે એવું લગભગ સિધ્ધ તઈ જાય અને એવા તો ઉદાહરણો રજૂ થાય કે સમગ્ર માહોલ કથાના પક્ષમાં આવી જાય અને સેવા પક્ષના સમર્થક શિબિરાર્થીઓ પણ કથા પક્ષનું સમર્થન કરવા લાગે. તેવામાં જ ફરી પાછા સેવાપક્ષના સંતોની પવિત્ર વાણી અને પરિપક્વ વાતોથી વાતાવરણ પલટાઈ જાય અને સૌ સેવાપક્ષ બાજુ ઢળવા લાગે, ફરી પાછા કથાપક્ષને સાંભળીને તે તરફનું વલણ જોવા મળે. જબરી રસાકસી જોવા મળી, કોઈપક્ષ પરાજિત થાય તેવા ચિહ્નો દેખાતા નહોતા. અન્ય સંતો પણ બંને પક્ષમાં પોતપોતાના જ્ઞાનનો લાભ આપી ટેકામાં ઊભા રહેતા. ચર્ચાનો અંત જ દેખાતો નહોતો. શિબિરાર્થીઓ તો ભક્તિના આ મહાસાગરમાં મનભરીને મહાલતા હતા. આવા અદ્‌ભુત અવસરનો અનુભવ સૌનું સમાધાન કરતાં સદ્‌.પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ જણાવ્યું કે કથા સાંભળો તો સેવા કરવાનું મન થાય અને સેવા કરો તો કથા કરવાની રુચિ થાય. ભગવાનની કથા–વાર્તાના સંદર્ભમાં તોઓએ આ વાત કહેતાં ઉમેર્યું કે કથા–વાર્તા અને સેવા જ બ્રહ્મરૂપ થવાના ઉપાય છે. કથા પક્ષે સંતોમાં સ્વામી પ્રતિપાવનદાસજી, સ્વામી આનંદવલ્લભદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી અને સેવા પક્ષે સ્વામી ઘનશ્યામનંદનદાસજી, શા. સ્વામી સુખદેવસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી રહ્યા હતા.

શિબિરાર્થી હરિભક્તો અને આમંત્રિત હરિભક્તોનાં પ્રતિભાવો પણ આયોજકોને પ્રોત્સાહિત કરે અને શિબિરાર્થીઓ માટે પ્રેરણારૂપ બને તેવા હતા. હરિભક્તોમાં લાલજીભાઈ ખીમાણી–કમ્પાલા, માંડવીના પ.ભ. હરજીભાઈ છભાડીયા, નૈરોબીથી પધારેલ પ.ભ. દિનેશભાઈ, પૂર્વકોઠારી સત્સંગના રંગે રંગાયેલા માનનીય પ.ભ. મહેશભાઈ ઠક્કર ભુજ, પ.ભ. શ્રી કાંતિભાઈ કેરાઈ (નરનારાયણ નગર), ઈન્દોરવાસી શ્રી વિજયભાઈ નાકરાણી, મેલબોર્નથી પધારેલ શ્રી દીપકભાઈ રાઘવાણી, નડીયાદ નિવાસી ભક્ત શ્રી કેશરાભાઈએ પોતાના વિચારો અને અનુભવો સાથે પ્રતિભાવો રજૂ કર્યા હતા. સૌના વક્તવ્યો સાંભળ્યા પછી નિષ્કર્ષ એક જ હતો કે યુવક મંડળની સ્થાપનાથી સત્સંગને નવું જોમ સાંપડ્યું છે. યુવકોમાં સુસંસ્કારોનું સિંચન થયું છે. શ્રીજી મહારાજ પ્રતિ નિષ્ઠામાં વૃધ્ધિ થઈ છે. ભક્તિમાં દ્રઢતા આવી છે. ભવિષ્યના સદાચારી અને રાષ્ટ્રપ્રેમી સમાજનાં દર્શન યુવાનોમાં થાય છે. યુવક મંડળની સ્થાપના પછી યુવાનોમાં થયેલા પરિવર્તન અને જાગૃતિની સામાજિક અસર જોવા મળે છે. સંતોની મહેનત લેખે લાગી છે. સંતોનો પરિશ્રમપૂર્વકનો પુરુષાર્થ યુવકોને ધાર્મિક અભિગમ તરફ દોરી ગયો છે. આવા શિબિરો જ સત્સંગના ભવિષ્યને ઉજ્જવળ બનાવે છે.

શિબિર સમાપન સમયે પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વચન આપતાં જણાવ્યું કે આવા શિબિરોથી જ સાચા સંકલ્પો સાંપડે છે. મહારાજે આપેલા આપણા શ્રી નરનારાયણદેવના થઈને રહેજો, તેમાં પ્રત્યક્ષભાવ રાખજો. સત્સંગમાં સંત, મંદિર સર્વે પ્રત્યે શુધ્ધ આત્મબુધ્ધિ રાખજો. શિબિરમાં થયેલ સત્સંગને જીવનમાં અને વર્તનમાં ઉતારજો. આપણો સત્સંગ દેવપ્રધાન આચરણનો સત્સંગ છે. નિયમ, ધર્મ અને દેવની નિષ્ઠામાં દ્રઢ રહેજો. તમે સૌ અમારા છો એવું

અમે માનીએ છીએ, આ સર્વે સંતો પણ અમારા છે એવી ભાવના તમે સૌ કેળવજો મહાત્મ્ય અને આત્મબુધ્ધિથી જ સત્સંગમાં સુખ આવશે. અને વર્તનમાં ઉતારજો. આપણો સત્સંગ દેવપ્રધાન આચરણનો સત્સંગ છે. નિયમ, ધર્મ અને દેવની નિષ્ઠામાં દઢ રહેજો. તમે સૌ અમારા છો એવું અમે માનીએ છીએ, આ સર્વે સંતો પણ અમારા છે એવી ભાવના તમે સૌ કેળવજો. અંતે પુરાણી સ્વામી પરમહંસદાસજીએ આભારદર્શન કર્યું હતું અને શિબિર દરમ્યાન કહેલી સાંખ્ય વિચારની વાત દોહરાવતા કહેલું કે હંમેશા હકારાત્મક અને સકારાત્મક વિચારોને અપનાવજો. જે મળે તેમા સુખ, સંતોષ અને આનંદ મેળવજો.

બદરીકાશ્રમમાં શ્રેણીબધ્ધ રીતે પીળા અને સફેદ ગણવેશમાં સજ્જ શિબિરાર્થીઓ સત્સંગના બગીચામાં હજારીના અને મોગરાના ફૂલ જેવા શોભતા હતા.

**:: યુવતી સભા ::**

આપણા સત્સંગમાં મહિલાઓનો પણ સિંહફાળો છે. યુવતી મંડળની સભા પણ તા. ૧૨–૧૧–૨૦૧૩ના રોજ સાંખ્યયોગી મહંત પ.પૂ. સામબાઈ ફઈના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સમગ્ર કચ્છ અને બહારથી પધારીને લગભગ બે હજારથી વધુ કર્મયોગી મહિલાઓ ઉપસ્થિત રહી હતી. સભાનો મંગલમય પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ૨૪ ગામની સાંખ્યયોગી બાઈઓના વરદ્ હસ્તે કરાયા બાદ વિભિન્ન ધાર્મિક રૂપકોની રજૂઆતનો દોર શરૂ થયો. ભુજ, માધાપર, મીરજાપર, સુખપર(બંનેવાસ), નરનારાયણનગર, માનકુવા (બંનેવાસ), ભરાસર, કોડકી, ફોટડી, સામત્રા, હરિપર વગેરે ગામોમાંથી ૧૨૫ થી વધુની સંખ્યામાં બાળકો–બહેનોએ જુદા જુદા રૂપકો રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ અને આનંદિત કર્યા હતા. હનુમાન ચાલીસાના પઠન ઉપરાંત વજીબાઈ, જતનબાઈ તેમજ નારણપરના કર્મયોગી બહેને માતા–પિતા વિષે પ્રવચનો કરી ભક્તિ અને સંસ્કારનો સુમેળ સાધ્યો હતો. સાં.યો. મહંત પ.પૂ. સામબાઈ ફઈએ સૌને આવકારી પોતાનાં અંતરની ઉર્મિઓ વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવતાં પ્રસન્નતા વ્યક્ત કરી હતી. અને સત્સંગમાં સદૈવ જોડાઈ રહેવાનો બોધ આપ્યો હતો. સાથે ધન્યવાદ સાથે આભાર પ્રદર્શિત કર્યો હતો. સભાનું સફળ અને સુચારુ સંચાલન ગામ બળદિયાના સાં.યો. અમરબાઈ ફઈએ સંભાળ્યું હતું.

શિબિરના સફળ આયોજનમાં ભુજ મંદિરના વડીલ સંતોની પ્રેરણા અને આશીર્વાદ ઉપરાંત કોઠારી સંતો, કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી સ્વામી હરિબળદાસજી અને કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તરફથી સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન મળ્યા હતા અને શિબિરને સફળતા બક્ષી હતી. અન્ય સંતગણ પણ 'બદરીકાશ્રમ'માં ઉપસ્થિત રહ્યા હતા. અને પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડ્યા હતા. ભુજ, અંજાર, માંડવી, પ્રસાદી મંદિરમાં રહેતા વિદ્યાર્થી સંતો, ભુજ મંદિર સંચાલિત ગુરુકુળોમાંથી શિબિરમાં પધારી અન્ય સંતો સાથે મળીને સંતોનો ભંડાર, હરિભક્તોનું રસોડું, શિબિરાર્થીઓની ઉતારા અને અન્ય વ્યવસ્થા, પાણી વ્યવસ્થા, પાર્કીંગ વ્યવસ્થા જેવી અનેક સેવાઓ સંભાળી લીધી હતી અને મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

પાંચ–પાંચ દિવસ સાથે રહીને મૈત્રી અને આત્મીયતા રંગે રંગાયેલા શિબિરાર્થીઓએ શિબિરના આનંદને મમળાવતા ભારે હૈયે વિદાય લીધી.

માહિતી અને અહેવાલ–
શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી
સંકલન અને લેખન – ભરતભાઈ મહેતા

**:: ભુજ દેવોનાં લાઈવ દર્શન ::**

આપણા ભુજ મંદિરની વેબસાઈટમાં ભુજ મંદિરમાં બિરાજતા શ્રીનરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન તથા ૫ આરતીના દર્શનનો લાભ ઓન લાઈન લઈ શકો છો. bhujmandir.org

# દીપાવલી દીપોત્સવી તથા રંગોળી સ્પર્ધા

અંજાર સ્વામિનારાયણ નૂતન મંદિરના પટાંગણમાં તા. ૩–૧૧–૧૩નાં દિવાળીનાં દિને સાંજે ૩થીદ્ રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સ્પર્ધક ગૃપ એક ૧૦ટ૧૦ની જગ્યામાં એક ગૃપ એવા ૨૦ ગ્રૂપ ત્રણ કલાકની મર્યાદામાં બનાવીને ભાઈઓ તથા બહેનોએ રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગોપદ ગ્રૂપ , ચક્ર ગ્રૂપ , તથા કળશ ગ્રૂપે મેદાન મારીને સ્પર્ધા – ઈનામ જીતી વિજય પ્રાપ્ત કર્યો હતો. જેમાં સ્વામી કૃષ્ણવિહારીદાસજી, ઘનશ્યામનંદનદાસજી, ભક્તિપ્રિયદાસજીએ નિર્ણાયક ભુમિકા ભજવી હતી. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સંધ્યાસભામાં ઉપદેશાત્મક તથા જીવનમાં ઉતારવા જેવી, જીવન ઉજ્જવળ બનાવીને સત્સંગમાં રહીને પવિત્ર જીવન જીવવા વિશે અને ભગવાન સાથે રાખીને જ કાર્ય કરવા માટે ઉદ્બોધન કરેલ. અને જીવન દીપોત્સવ બની રહે અને જીવન દીપકની જેમ ઝગમગતું રહે તેવું ઉદ્બોધન કરેલ. ત્યારબાદ ૧૧,૦૦૦ દિવડાઓથી મંદિરનું પટાંગણ ઝવહળી રહ્યું હતું. બાદમાં પ્રસાદ વિતરણ કરવામાં આવેલ. અંજાર મંદિરનાં મહંત સ્વામી શ્રી દેવકૃષ્ણદાસજી, વડીલ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી શ્રીનીલકંઠચરણદાસજી આદિ સંતોએ મંચસ્થ સ્થાન શોભાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દીપોત્સવ તથા રંગોળી સ્પર્ધા તથા પ્રસાદના યજમાનશ્રી લાલજીભાઈ કરશનભાઈ કેરાઈ(રામપર વેકરા) હાલ ગાંધીધામ વાળા સહપરિવાર રહ્યા હતા.

અન્નકૂટ ઉત્સવ (છપ્પનભોગ) :–

અંજાર સ્વામિનારાયણ મંદિરે બેસતા વર્ષે ગોવર્ધનપૂજા કરીને શ્રી ઘનશ્યામ મહારાજ પાસે ભવ્યાતિભવ્ય રીતે અન્નકૂટ ધર્યો હતો. અને ૯:૩૦ વાગે મહંત સ્વામી શ્રી દેવકૃષ્ણદાસજીનાં હસ્તે તથા યજમાન પરિવારોના હસ્તે આરતી ઉતારી અન્નકૂટનાં દર્શન થયા હતા. જે સાંજે ૫:૩૦ વાગ્યા સુધી હજારો હરિભક્તો ભાઈઓ–બહેનોએ મંદિરે આવીને દર્શન કર્યા હતા. અન્નકૂટનાં મુખ્ય યજમાન અંજાર નાગલપરનાં અ.નિ. ધ.પ. ધનબાઈ વાલજી હસ્તે વાલજી કાનજી હીરાણી – મેરુ વાળા સુત રમેશ ધ.પ. પુષ્પાબેન, પૌત્રી દર્શના તથા અવની, સુત રાજેશ તથા સંજય વાલજી સહપરિવાર રહ્યા સાથે વિશ્રામ લાલજી વેકરીયા સહપરિવાર માધાપર હાલે ઓસ્ટ્રેલિયા તથા ડો.એચ.વી. કેરાઈ ધ.પ. પુષ્પાબેન સહપરિવાર યજમાન રહ્યા હતા.

અહેવાલ :–કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી

# શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન મુંબઈ મધ્યે વિવિધ ઉત્સવો

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન પારલા મુંબઈ મધ્યે સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી તા. ૧–૧૧–૧૩ શુક્રવારના રોજ ધનતેરસ નિમિત્તે સાંજે ગાય માતાનું પૂજન કરવામાં આવ્યું હતું. તથા ભગવાનના પ્રસાદરૂપી લાડુ અને ઘાસચારો ગાયને અર્પણ કરાયો હતો. અને તા. ૨–૧૧–૧૩ શનિવાર કાળી ચૌદશના રોજ સાંજે ૭:૦૦ વાગ્યે કષ્ટભંજન દેવના સ્તોત્રપાઠ તથા યજમાન સાથે શા. સ્વામી શૌનકમુનિદાસજી અને સ્વામી વ્યાસસ્વરૂપદાસજી દ્વારા હનુમાનજીનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું અને સ.ગુ.પુ. સ્વામી માધવપ્રસાદદાસજીએ હનુમાનજી આરતી ઉતારી હનુમાનદાદાનો મહિમા સમજાવી યજમાન તથા હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. અને તા. ૩–૧૧–૧૩ રવિવાર દિવાળીના શુભ દિને સાંજે ૫:૦૦ વાગ્યે સંતો દ્વારા લક્ષ્મી તથા ચોપડા પૂજન કરાવવામાં આવ્યું હતું, અને મંદિરના પટાંગણમાં મહિલા મંડળ દ્વારા રંગબેરંગી વિવિધ કૃતિઓની રંગોળી

બનાવવામાં આવી હતી અને તેજ પટાંગણમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો તથા કોઠારી સ્વામી કૃષ્ણચરણદાસજીના માર્ગદર્શન હેઠળ પુરાણી સ્વામી પરમેશ્વરદાસજી તથા પુ. સ્વામી સત્યસ્વરૂપદાસજીએ સુંદર દીપમાળા બનાવી હતી જેમાં શ્રીજી મહારાજ બિરાજમાન હતા અને દીપમાળાના ટમટમ કરતા દીપકોએ ચારે દિશાઓમાં તેજ પાથરી અંધકારને દૂર કર્યો હતો. ત્યારબાદ સ.ગુ. પુ. સ્વામી માધવપ્રસાદદાસજીએ કારીયાણીના છઠ્ઠા વચનામૃતને યાદ કરી દીપમાળાનું મહત્ત્વ સમજાવ્યું હતું. અને અંતે ઠાકોરજીની મહાઆરતી કરી પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી દ્વારા નંદસંતો રચિત દિવાળીના કીર્તનોને સંગીતના સથવારે સુમધુર સ્વરમાં ગાયન કરીને વાતાવરણ ભક્તિમય બનાવી સહુને રાજી કર્યા હતા. અને તા. ૪-૧૧-૧૩ સોમવારના નૂતન વર્ષના નવલ પ્રભાતે વિવિધ પ્રકારના પકવાનો અને ફરસાણોથી શ્રીજી મહારાજ માટે ૧૦૮ વાનગીઓનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. અને યજમાનો દ્વારા ગોવર્ધન પુજન કરી ૧૦:૦૦ વાગ્યે ધામધૂમથી અન્નકૂટની આરતી ઉતારવામાં આવી હતી. અને સંતોએ સહુ હરિભક્તોને નવા વર્ષના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને પારલા મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી માધવપ્રસાદદાસજીની આજ્ઞાથી તા. ૧૭-૧૧-૧૩ રવિવાર પૂનમના રોજ સાંજે ૬:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી તુલસી વિવાહની કથા તથા સામુહિક તુલસી વિવાહ ઉજવવામાં આવ્યા હતા જેમાં વક્તાપદે પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીના સુમધુર સ્વરે સંગીતના તાલે તુલસીવિવાહ તથા શાલીગ્રામ ભગવાનની કથા કરવામાં આવી હતી. આ પ્રસંગે ભોજનરૂપી મહાપ્રસાદની વ્યવસ્થા કોઠારી સ્વામી કૃષ્ણચરણદાસજીએ કરી હતી. પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી એ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

અહેવાલ :- પરેશ તુલસીદાસ સાંખલા

## સત્સંગ અભ્યાસક્રમ

આજ અતિ અગત્યની બાબત એ થઈ રહી છે કે વર્ષોથી ચાલી આવતી આપણી દિવ્ય પરંપરા, સંસ્કૃતિ અને સંસ્કારોનો હ્રાસ થવા ચાલ્યો છે. અતિ પડતા ઈલેક્ટ્રિક મિડિયા અને ઈન્ટરનેટનો અતિ પ્રમાણમાં ઉપયોગ આપને બિઝી કરી મૂક્યા છે. અને પરિણામ એ આવ્યું છે કે આપણે આપણા બાળકો માટે થોડો સમય કાઢી શકતા નથી. પરિણામે આજનું બાળક માત્ર શિક્ષણ લે છે અને અંતે માત્ર શિક્ષણ રહે છે. સાથે સંસ્કારો હોત તો ક્રાન્તિના વિચારો હોત પણ અત્યારે નિમ્નકક્ષાના વિચારોના સામ્રાજ્યમાં આવતી પેઢીનું ભવિષ્ય ધૂંધળું દેખાય છે. આવા સમયે ભુજ મંદિર દ્વારા પ.પૂ. મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી એક 'સત્સંગ અભ્યાસક્રમ' ચાલુ થઈ રહ્યો છે જે બાળકોને નાનપણથી જ સત્સંગ, ભારતીયતા, ઘરમાં અને ઘરથી બહારના વર્તન વિષે જ્ઞાન અપાશે. ૨ વર્ષના બાળકથી માંડીને ૧૩ વર્ષ સુધી આ સત્સંગ અભ્યાસક્રમ દ્વારા સત્સંગ પીરસાશે.

આ અભ્યાસક્રમ જ્યાં આપણા દેશ-વિદેશમાં મંદિરો છે ત્યાં ચાલુ કરાશે અને જ્યાં મંદિરો નથી ત્યાં એરિયા વાઈસ પણ ચાલુ થઈ શકશે. આનું સંચાલન ભુજ મંદિર દ્વારા થશે. અને જેમને આ અભ્યાસક્રમ ચાલુ કરવો હોય તેવા ભક્તો યુવક કાર્યાલય-ભુજ દ્વારા આ બાબતે વિશેષ માહિતી મેળવી શકશે.

માતા-પિતા પોતાના નાના બાળકોને આ કેન્દ્રમાં મૂકી સત્સંગની અને પોતાના બાળકોની સેવા કરે એવી દરેક માતા-પિતા પાસે અપેક્ષા રાખીએ છીએ.

સ્વામી સંતસ્વરૂપદાસજી





શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં કથા પારાયણનું પૂજન તથા કથા શ્રવણ કરતા બહોળી સંખ્યામાં હરિભક્તો તથા બહેનો




શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના કોઠારનું રિનોવેશનબાદ ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિત સંતો તથા યજમાન પ.ભ. દેવશીભાઈ સૂરજપૂર તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો-માંડવી



ઠાકોરજીનું સમુદ્રના જળથી તથા પંચામૃતથી સ્નાન કરવાવતા સંતો તથા હરિભક્તો-માંડવી



તુલસી વિવાહના યજમાનશ્રીઓ શોભાયાત્રામાં - માંડવી





કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ દશાબ્દી શિબિર ૨૦૧૩નું દિપ પ્રાગટ્ય કરતા સાં.યો. મહંત સામબાઈ તથા ઉપસ્થિત બહેનો ભક્તો

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીમાં ઉજવાયેલ મહોત્સવની આછેરી ઝલક





કથા શ્રવણ કરતાં બહેનો – નાઈરોબી



ચેરીટી વોક– નાઈરોબી






નૂતન મંદિર ઉપક્રમે પ્રભાતફેરી તેમજ નૂતન મંદિરનું પૂરજોશમાં ચાલતું બાંધકામ – નાઈરોબી

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની બાલાઓ ખોખો, હેન્ડબોલ અને વોલીબોલમાં કચ્છ તથા ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે. – ભુજ






# શ્રી સ્વામિનારાયણ મંદિર એડેલેઈડ, ઓસ્ટ્રેલીયા શ્રી ઘનશ્યામ મહારાજ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૪ના ધામધૂમથી ઉજવાશે.






એડેલેઈડ મંદિરમાં અન્નકૂટ દર્શન તથા નૂતન મંદિરમાં સેવા કરતા યુવા ભક્તો



બોલ્ટન મંદિરમાં અન્નકૂટ દર્શન




કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દશાબ્દી શિબિર ૨૦૧૩માં પ્રવચન આપતા સંતો તથા હરિભક્તો





(૧) શ્રી ઘનશ્યામ મહારાજે પ્રબોધિની એકાદશીના દિવસે હાટડી ખોલી હતી-ભુજ. (૨-૩) શ્રી નરનારાયણ બાગ રેલડી-પધારેલ સંતો તથા વાડીની સેવામાં હરિભક્તોને આશીર્વાદ આપતા પ.પૂ. મહંત સ્વામી. (૪) તુલસી વિવાહના યજમાનો ભગવાન તથા તુલસીબાઈના લગ્નનો લાભ લઈ રહ્યા છે-ભુજ. (૫) મસ્કત અલતુર્કી કંપનીમાં અન્નકૂટનાં દર્શન. (૬) શ્રી સ્વામિનારાયણ મંદિર આધોઈમાં અન્નકૂટ દર્શન. (૭) હાટડી દર્શન - અંજાર. (૮) અન્નકૂટ આરોગતા શ્રી ઘનશ્યામ મહારાજ, પ્રસાદી મંદિર-ભુજ. (૯) શ્રી સ્વામિનારાયણ મંદિર રામપર-નવોવાસ અન્નકૂટ દર્શન. (૧૦-૧૧) દિવાળીના દિવસે રંગોળી સ્પર્ધામાં ભાગ લેતા સ્પર્ધકો-અંજાર. (૧૨) શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર ઉપલોવાસ અન્નકૂટ દર્શન.

# માંડવી મંદિરમાં વિવિધ ઉત્સવોની ઉજવણી

:: સમૂહ મહાપૂજા ::

આસો સુદ ૧૫ શરદપૂનમના પવિત્ર દિવસે પવિત્ર સમુદ્ર કિનારે સવારના ૮:૦૦ વાગે સમૂહ મહાપૂજાનું આયોજન કરેલું. એમાં એક હજાર એક મહાપૂજામાં ભક્તોની સંખ્યા લગભગ સાતસો હતી. બહેનો, સાંખ્યયોગી બહેનો પૂજામાં ગરકાવ થયા હતા. સાગરના તટ પર શ્રી વાસુદેવ મહાત્મ્યમાં જે નારાયણભગવાને નારદજીની આગળ મહાપૂજાનો વિધિ બતાવ્યો છે, એ મહાપૂજા સમજણ સાથે મહિમા સાથે કરવાતા શાસ્રી સ્વામી નારાયણપ્રિયદાસજીએ કરાવી ભક્તોના હૃદયમા આનંદની ઉર્મિઓ ભરી દીધેલી. આ મહાપૂજામાં શ્રીહરિવરની ષોડશોપચારથી પૂજા કરવામાં આવી. આ પ્રસંગ થતાં બધા ભાવિક ભક્તો સમૂહમાં ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરી સંતો સાથે સ્નાન કરીને જીવનને ધન્ય બનાવ્યું. આ ઉત્સવના પ્રેરક કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ માર્ગદર્શન પુરું પાડેલું. મોટી સંખ્યામાં પ્રેમી ભક્તોએ લાભ લીધો હતો. આ ઉત્સવ માંડવી મંદિરના મહંત સદ્ સ્વામી ધર્મવલ્લભદાસજી તથા સદ્ગુરુ સ્વામી પ્રભુચરણદાસજીના આશીર્વાદથી સંપૂર્ણ થયો.

:: દીપાવલી ઉત્સવ ::

તા. ૩-૧૧-૨૦૧૩ શનિવારના દિવાળીના દિવસે માંડવી મંદિરના વિશાળ ચોકમાં સાં.યોગી બહેનોના માર્ગદર્શન હેઠળ માંડવી કાંધાની યુવતીઓ દ્વારા જુદાજુદા રંગો દ્વારા રંગોળી પૂરવામાં આવી હતી. આ જીવન રૂપી રંગોળીમાં બહેનોએ જુદા જુદા સદ્ગુણો રૂપી રંગો પુરીને જીવનને ભગવાનની ભક્તિમય બનાવ્યું. આ રંગોળીમાં એકથી પાંચ નંબર આપવામાં આવ્યા હતા. અને સંતાએ શુભાશીર્વાદ આપ્યા હતા. આ રંગોળીમાં રાત્રે સંતોના માર્ગદર્શન નીચે ભક્તો સંતો સાથે મળીને દીવાઓ ગોઠવી મંદિરને જગમગતું કરેલું. પ્રગટેલા દીપોથી મંદિરની શોભા અનોખી હતી. આ દિવ્ય દર્શન માટે રાત્રે ૭:૩૦ વાગ્યે માંડવી શહેરના ભક્તોનો તથા વાડીવિસ્તારના ભક્તોનો સમુદાય મંદિરમાં ઉમટ્યો હતો. દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું હતું. શુભ દિપાવલી.

# પંચાહ્ન પારાયણ માંડવી

તા. ૪-૧૧-૨૦૧૩ રવિવારના દિવસે મંદિરમાં પંચાહ્ન પારાયણના આયોજનમાં ભુમાનંદ સ્વામી કૃત શ્રી ઘનશ્યામલીલામૃત સાગર ગ્રંથનું વાંચન કરી ભક્તોને ઘનશ્યામના ચરિત્રો રૂપી સાગરમાં મગ્ન કર્યા. કથાના વક્તા પુ. સ્વામી હરિપ્રસાદદાસજી તથા પુ. સ્વામી નારાયણપ્રિયદાસજીએ મધુર શૈલી ભાષામાં કથાનું રસપાન કરાવેલું. આ કથાના યજમાન માંડવીના વાલજીભાઇ ધનજી પીંડોરીયા ધ.પ. રાધાબાઇ સહપરિવાર રહ્યા હતા.

# કોઠાર (ઓફિસ)નો જીર્ણોદ્ધાર-માંડવી

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જુની ઓફિસનો (કોઠાર) જીર્ણોદ્ધાર કરી ઓફિસનું નવનિર્માણ કોઠારી સ્વામીના માર્ગદર્શન નીચે તૈયાર કરવામાં આવ્યું. પૂર્ણ થતા આસો વદ એકાદશીના પવિત્ર દિવસે ભુજના મહંત સદ્ સ્વામી ધર્મનંદનદાસજી તથા માંડવી મંદિરના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી તથા વડીલ સદ્. સ્વામી પ્રભુચરણદાસજી આદિક ઘણા સંતોના સાંનિધ્યમાં ઓપનિંગ કરવામાં આવ્યું. આ ઓફિસના દાતા ગામ સુરજપરના અ.નિ. તારાબેન દેવશીભાઇ હાલાઈ હસ્તે પ.ભ. દેવશીભાઇ વેલજી હાલાઈ સહપરિવાર રહ્યા હતા.

## સમૂહ તુલસીવિવાહ અંતર્ગત વૃત્તિવિવાહ પંચાહ્ન પારાયણ

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વર્ષોની જેમ આ વખતે સમૂહ તુલસીવિવાહની વાત મંદિરની સમિતી તથા સત્સંગીઓએ મુક્તા સંતોની વાત સહર્ષ વધાવીને સંતોનો રાજીપો મેળવી એમાં બધા ભક્તો સહભાગી થયાને આ વિવાહમાં સહ યજમાન બની દિવ્ય લાભ લીધો. આ તુલસીવિવાહના મુખ્ય યજમાન વરપક્ષ શ્રી ઠાકોરજીના યજમાન ગામ પિયાવા માંડવીના પ.ભ. લાલજીભાઈ મનજી ગાજપરીયા સહપરિવાર રહ્યા અને તુલસીબાઈ કન્યાપક્ષના યજમાન પ.ભ. ગામ માંડવીના ગ.સ્વ. ધનબાઈ ગાંગજી વેકરીયા હસ્તે હરજીભાઈ ગાંગજી વેકરીયા સહ પરિવાર રહ્યા. બીજા ઘણા ભક્તો આ ઉત્સવમાં સહયજમાન થયા.

પંચાહ્ન પારાયણના મુખ્ય યજમાન માંડવીના પ.ભ. માવજીભાઈ રવજી પિંડોરીયા સહપરિવાર રહ્યા.

આ સમૂહ તુલસીવિવાહ અંતર્ગત વૃત્તિવિવાહ પારાયણના વક્તા પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી તથા પુ. સ્વામી હરિપ્રસાદદાસજી વ્યાસાસને વિરાજી નિષ્કુળાનંદ સ્વામી રચિત વૃત્તિવિવાહના માધ્યમથી સરલભાષામાં આત્માના લગ્ન પરમાત્માની સાથે કરવાની વાતો ભક્તોના હૃદયમાં પ્રેરણા દાખવીને ભક્તોને આનંદિત કર્યા. વક્તાને સંગીતના સુર આપી આ પ્રસંગને ઓપ આપનાર સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી આ પ્રસંગે કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ આયોજન થયું. સભાપતિ શાસ્ત્રી સ્વામી કૃષ્ણવિહારીદાસજી હતા. આ પ્રસંગે ભુજથી અંજારથી સંતાએ આવી દિવ્યદર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. મહંત સ્વામી, જાદવજીભગત, સ્વામી પ્રેમપ્રકાશદાસજી વગેરે સંતો અંતરના આશીર્વચન આપી ભક્તોને રાજી કર્યા હતા.

કથાના પાંચમા દિવસે સવારે ઠાકોરજીની તથા તુલસીબાઈની શોભાયાત્રા માંડવી શહેરમાં વાજતે ગાંજતે પસાર થતાં મંદિરમાં આવી વિરામ લીધોને બહેનોના મંદિરમાં ઠાકોરજીના લગ્ન તુલસીબાઈની સાથે થયા ને બપોરે સમૂહ ભોજન રૂપી પ્રસાદ બધાય ભક્તોએ લીધો ને આ ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

અહેવાલ :– સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી

## પંચાહ્ન પારાયણ માંડવી

તા. ૮–૧૧–૨૦૧૩ ગુરૂવાર માંડવી મંદિરમાં પંચાહ્ન પારાયણમાં શતાનંદ સ્વામી કૃત શ્રી સત્સંગિજીવનના સારમાં સાર રૂપ શ્રી જનમંગલ નામાવલીના મંત્રો ઉપર સુંદર રીતે વિવેચન સાથે કથા કરવામાં આવી. ભક્તોને કથા રસમાં તળબોળ કર્યા. આ કથાના વક્તા પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી વ્યાસાસને બિરાજી કથા રસ ભક્તોને કર્ણ પાત્ર દ્વારા કરાવ્યું. મંદિરના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. કથાના યજમાન ભારાપર માંડવીના અ.નિ. માવજીભાઈ આંબા કેરાઈ સુત જેન્તીલાલભાઈ તથા નવિનભાઈ સહપરિવાર રહ્યા હતા.

## નારણપર ગુરૂકુલ

વિજ્ઞાન અને મંગળગ્રહ વિશેના ત્રીજા આંતરરાષ્ટ્રીય સમેલનમાં શ્રી ઘનશ્યામ એકેડેમી નારણપરની ઉપસ્થતિ

વર્તમાન સમયમાં સૌથી ચર્ચાસ્પદ વિષય એવો મંગળગ્રહ જેના ઉપર જીવનની આશા ટકેલી છે, અને આજના વૈજ્ઞાનિકો તેમની શોધને આ વિષય ઉપર વધારી રહ્યા છે. આ વિષયને અનુલક્ષીને વિજ્ઞાન અને મંગળગ્રહ વિશેનું ત્રીજું આંતરરાષ્ટ્રીય સમેલન યોજવામાં આવ્યું હતું. જેનું સંપૂર્ણ આયોજન હરિયાણા રાજ્યના પંચકુલા શહેરમાં કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ઘનશ્યામ એકેડેમી નારણપરની (C.B.S.E.) સ્કૂલનાં પાંચ વિદ્યાર્થી ગઢવી દિપેન, પિંડોરીયા જીમેશ, વેકરીયા વિપુલ, કેરાઈ વિલાસ, ભોજાણી ઐશ્વર્યા તથા શાળાના શિક્ષક શ્રી કિશન

યાદવ એ આ સેમિનારમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યું હતું. આ ત્રણ દિવસનાં કાર્યક્રમમાં મુખ્ય વક્તા અને સચિવ ISS શ્રીમાન મિથુન દિક્ષિત, ભૂતપૂર્વ મુખ્ય સચિવ અને વૈજ્ઞાનિક ISRO શ્રીમાન સુરેશ નાયક, પદ્મ વિભૂષણ સમ્માનિત શ્રીમાન જયંત નારલીકર, ચેરમેન જ્યોતિર વિદ્યા JVP પરિસંસ્થાન અનિરૂધ્ધ દેશપાંડે, ગણિત વિશેષજ્ઞ ડો. મંગલા નારલીકર હતા.

૨૪ ઓક્ટોબરનાં સાંજે ૬ વાગ્યે આકાશ અવલોકન (sky gazing)નું આયોજન કરવામાં આવ્યું હતું અને ૮૮ નક્ષત્રોની જાણકારી આપવામાં આવી હતી.

૨૫ ઓક્ટોબર બીજા દિવસે અંતરગ્રહ મિશન મંગળ યાન વિશે માહિતી આપવામાં આવી હતી.

૨૬ ઓક્ટોબરનાં દિવસ ચંદ્રયાન વિશે માહિતી આપવામાં આવી હતી. વિશ્વમાં ભારત ચોથા નંબરનો દેશ છે જેણે ચંદ્ર પર પોતાનો ધ્વજ લહેરાવ્યો છે તેની સાથે બીજા ત્રણ દેશો અમેરિકા, રશિયા, યુરોપ હતા. ચંદ્રયાનનું બજેટ ૩૦૦ કરોડ રૂપિયા હતું. તેનું વજન ૯૮૦ કિગ્રા હતું. આ યાનનો મુખ્ય હેતુ પાણીનાં અસ્તિત્વ વિશે જાણકારી મેળવવાનો હતો. આ હેતુ હાંસિલ કરવા માટે અમેરિકા, યુરોપ, રશિયા, જાપાન, ચીન અને ભારત જેવા દેશોએ પ્રયાસ કર્યો હતો તેમાં ભારતે પ્રથમ સફળતા મેળવી હતી. આ સેમિનારમાં ભારત દ્વારા ભવિષ્યમાં યોજાનારાં મિશન વિશેની માહિતી પણ આપવામાં આવી હતી.

ચંદ્રયાન-૨(૨૦૧૭)(રોવર મોકલવામાં આવશે)

ચંદ્રયાન-૩(૨૦૨૦)(૨ અવકાશયાત્રીને ત્યાં મોકલવામાં આવશે)

ભારતના બધા રાજ્યોમાંથી શ્રેષ્ઠ ૨૫ શાળાએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. તેમાં કચ્છની એક માત્ર સ્કૂલ (C.B.S.E.)શ્રી ઘનશ્યામ એકેડેમી નારણપર એ આ સેમિનારમાં ભાગ લઈ કચ્છની પ્રતિભાને રાષ્ટ્રીય સ્તર પર ઉજાગર કરી હતી. શાળાનાં સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા ટ્રસ્ટી પ.ભ. રત્નાભાઈ, પ.ભ. શીવજીભાઈ, પ.ભ. નવીનભાઈ, પ.ભ. મુકેશભાઈ તથા શાળાના આચાર્ય જીતેન્દ્રખેમચંદ્રજીએ માર્ગદર્શન પૂરું પાળ્યું હતું.

અહેવાલ :- આચાર્યશ્રી

## ચંદ્રનગર (ખોખરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે શ્રી ઘનશ્યામ મહારાજ, રાધાકૃષ્ણદેવ, શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં નૂતન પર્વ તથા પરંપરાગત અન્નકૂટ ઉત્સવ ઉજવામાં આવ્યો હતો.

અનેક વિધ વિધના પકવાનો સાથે અનેક ફળોની સાથે મહા ઔલોકિક રીતે ભક્તોની ભાવના સાથે અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ઉત્સવ ઉજવવા અનેક તૈયારી કરી કર્મયોગી બહેનોએ ભગવાનનો રાજીપો મેળવ્યો હતો. સાથે મુખ્ય યજમાનશ્રી પ.ભ. પરબતભાઈ રબારી રહ્યા હતા. આયોજનની સેવા શ્રી ભૂપતભાઈ જાડેજા, વેસુભા વાઘેલા, વિનોદભાઈ સુથાર, શંભુભાઈ આહિર, ધર્મેન્દ્રભાઈ મારાજ વિગેરે રહ્યા હતા. સંચાલન શ્રી કાનજીભાઈ સુથારે કર્યું હતું. સાથે નૂતન વર્ષની અન્નકૂટ પર્વનું મહાત્મય સમજાવ્યું હતું.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વંચાવો અને વચંવો.

# વિદેશ સમાચાર



## શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર નાઈરોબી (ભુજ નરનારાયણદેવ તાબાનું) ૫૯મો વાર્ષિક પાટોત્સવ

શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર નાઈરોબીનો ૫૯મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૪-૧૦-૧૩થી તા. ૨૦-૧૦-૧૩ સુધી ભવ્યતાથી ઉજવાઈ ગયો. ભુજ મંદિરથી પધારેલા સ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી અને અન્ય ૬ સંતોનું મંડળ શીશલ્સ પ્રદેશનો પ્રવાસ પૂર્ણ કરી ૧૦-૧૦-૧૩ના નાઈરોબી પધાર્યા. સોમવાર તા. ૧૪ના રોજ સવારે મંગળા આરતી કરી ૫:૧૫ વાગ્યે પારાયણની શુભ શરૂઆત થઈ હતી. ભુજ મંદિરેથી પધારેલા વિદ્વાન સંતો વ્યાસાસને વિરાજી શ્રી નિષ્કુળાનંદમુનિ વિરચિત નિષ્કુળાનંદ કાવ્ય અંતગર્ત ભક્તિનિધિ શાસ્ત્રનું સાત દિવસ સુધી શ્રવણ કરાવ્યું હતું. સંતોએ પોતાની આગવી શૈલીમાં ભક્તિનો મહિમા, ભક્તિનો પ્રતાપ, ભક્તિનું ફળ વિગેરે બાબતોને સરળ રીતે સમજાય તે રીતે સમજાવી ભક્તોને આનંદિત કર્યા હતા. શુક્રવારના રોજ શરદપૂનમનો દિવસ હતો આજ રોજ દિનાંક ૧૮-૧૦-૧૩ ના સવારે દશ વાગ્યે ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો. અન્નકૂટ દર્શન તથા ૬૦માં વર્ષના પ્રવેશની આરતી ઉતારી હતી. અને વાગતે ગાજતે શિખરો પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. સાંજના કથા સત્ર બાદ શરદોત્સવનો રાસ સંતોની સાથે રમ્યા અને ત્યારબાદ દૂધપૌઆનો પ્રસાદ સર્વ હરિભક્તોને પિરસવામાં આવ્યો હતો. રવિવાર તા. ૨૦-૧૦-૧૩ના રોજ સવારે કથા વિરામ થયા બાદ નામી-અનામી સેવા કરનાર દરેક હરિભક્તોનો આભાર માનવામાં આવ્યો હતો. આજ રોજ સવાર અને બપોરના મહાપ્રસાદરૂપી ભોજન મંદિર તરફથી સર્વ હરિભક્તોને પીરસવામાં આવ્યું હતું.

આ રીતે ખૂબ જ પવિત્ર વાતાવરણમાં સારી રીતે રંગેચંગે મંદિરનો ૫૯મો વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

**:: સપ્તાહ પારાયણ ::**

તા. ૨૦-૧૦-૧૩ના પૂર્ણ થયા બાદ સોમવાર તા. ૨૧-૧૦-૧૩ થી તા. ૨૭-૧૦-૧૩ રવિવાર સુધી સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ મંદિરેથી પધારેલા શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી સવાર અને સાંજ વ્યાસાસને વિરાજી ગંગાની અવિરત પ્રવાહની જેમ જ્ઞાનગંગા રૂપી કથામૃતનું પાન કરાવ્યું હતું. દરેક શાસ્ત્રોમાંથી મનન કરી "મોક્ષનો માર્ગ શરણાગતી" કથા રૂપે ચિંતનાત્મક કથા શ્રવણ કરાવ્યું હતું. ભગવાનના શરણે ગયા ક્યારે કહેવાઈએ, શરણાગતી સ્વીકાર્યાબાદ ભક્તનાં લક્ષણ કેવા હોય, પૂર્વ ક્યા ક્યા ભક્તો અને સંતો ભગવાનનું સાચું શરણું લીધું અને શરણું લીધા પછી  કેવા સુખની અનુભૂતિ થાય વિગેરે તમામ વાતોનું સ્વામીએ સચોટ દાખલાઓ અને દૃષ્ટાંતો આપી સર્વને આનંદિત કર્યા હતા. કથાના યજમાનશ્રીઓ ગામ સુખપર ભુજના પ.ભ. હરીશભાઈ કાનજી ભુવા, ગામ નારાણપરના રમેશ પ્રેમજી કેરાઈ તથા ગામ સુરજપરના મનસખ પરબત મેપાણી તથા પ્રકાશ પરબત મેપાણી ત્રણે કુટુંબ પરિવાર સાથે મળી પોતાના અ.નિ. આપ્તજનોના કલ્યાણ અર્થે, આ સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ સિવાય બે સંતોએ સંત આસન ઉપર વિરાજી શ્રી મદ્ ભાગવત શાસ્ત્રનું સંહિતા પાઠ પણ કર્યું હતું. શનિવાર તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ યજમાન પરિવાર તરફથી નાઈરોબી મંદિરને તથા ભુજ મંદિરને ભેટ અર્પણ કરી હતી તથા નાઈરોબી મંદિર તરફથી યજમાન પરિવારોને શાલ ઓઢાડી નવાજ્યા હતા. સંતોએ પરિવારના દરેક સભ્યોને કંઠી પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. રમેશ પ્રેમજી કેરાઈ પરિવાર તરફથી નાઈરોબી મંદિરને સોનાની ચેન અર્પણ કરવામાં આવી હતી. પૂર્ણાહૂતિના દિવસે બપોરે મહાપ્રસાદરૂપી ભોજન યજમાન પરિવાર તરફથી પીરસવામાં આવ્યું હતું. કથાના અંતમાં સંતોએ રાજી થઈ યજમાન પરિવારને અંતરના આશીર્વાદ આપ્યા હતા તથા દરેક હરિભક્તો પણ રાજી થઈ યજમાન પરિવારના દરેક સભ્યોને બાથમાં લઈ ભેટી જય સ્વામિનારાયણ પાઠવ્યા હતા.

વિશેષમાં રવિવાર તા. ૨૭-૧૦-૨૦૧૩ના રોજ સવારે ૬:૦૦ વાગ્યે મંદિરમાં મહાપૂજાનું આયોજન

કરવામાં આવ્યું હતું. ભાઈઓના સભા મંડપમાં ભાઈઓ તથા બહેનોના મંદિરમાં બહેનો વિશાળ સંખ્યામાં સાથે મળી મહાપૂજાનો લાભ લીધો હતો. પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ખૂબ જ પ્રેમથી મહાપૂજા કરાવી હતી અને સ્વામી પ્રભુવલ્લભદાસજી પણ સાથે રહી મહાપૂજા કરાવી હતી. અને હરિભક્તો ખૂબ જ પ્રસન્નચિત્તે ભાવથી, અંતરના અદકેરા ઉમંગથી મહાપૂજા કરી હતી.

શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ નાઈરોબીના ઉપક્રમમાં નૂતન મંદિર કચ્છ પ્રાંત લંગાટા મધ્યે ચેરીટી વોકનું આયોજન રવિવાર તા. ૬-૧૦-૧૩ના રોજ સવારે કરવામાં આવેલ હતું. આ ચેરીટી વોકમાં ભાગ લેવા માટે અરજી પત્રક (વોક ફોર્મ) બહાર પાડવામાં આવેલ હતા. આ વોક માટે મોમ્બાસા સિમેન્ટ કંપની પ્રથમ સ્થાન Platinum Spounsor ના દાતાર રહ્યા હતા. બીજું સ્થાન ડાયમંડ સ્પોન્સર અપેક્સ સ્ટીલ ત્રીજું સ્થાન ગોલ્ડ સ્પોન્સર આઈડલ સેરામીક, ચોથું સ્થાન સિલ્વર સ્પોન્સર ડુરાક્રોટ કલર અને પાંચમું સ્થાન બ્રોંઝ સ્પોન્સર સિમ્બા સિમેન્ટ. આમ પાંચ મુખ્ય સ્પોન્સર તથા વોકમાં ભાગ લેનાર બાળકો, બાલીકાઓ, ભાઈઓ-બહેનોએ આ વોક ફોર્મ દ્વારા ૧.૨ કરોડ શીલીંગ એકત્ર કરેલ હતા. સવિશેષ ગૌરવની વાત હતી કે ગામ માધાપરના મુરબ્બી શ્રેષ્ઠીવર્ય વડીલ શ્રી કરસનભાઈ લાલજી વેકરીઆ એ દરેકે દરેક પરત આવેલા ફોર્મ દિઠ ૧૦૦૦ શિલીંગ આપવાની જાહેરાત કરી. એ જોતાં લગભગ ૧૫૦૦ ફોર્મ ભરાઈને પરત આવતા કરસનભાઈ પરિવાર તરફથી શીલીંગ ૧૫ લાખ વોક નિમિત્તે દાનમાં મળેલ હતા. આ સેવા બદલ કરસનભાઈ તથા મુખ્ય પાંચ સ્પોન્સરનું બહુમાન કરવમાં આવેલ હતું. તથા કરસનભાઈએ તથા મંદિરના ટ્રસ્ટીઓએ સવારના ૮:૦૦ કલાકે વોકની શુભ શરૂઆત કરાવી હતી. વોકની શરૂઆત થઈ એ પહેલા સવારે ૭:૦૦ કલાકે નૂતન મંદિરે પ્રાંગણમાં વિશાળ જનમેદની વચ્ચે ઠાકોરજીની આરતી, થાળ, ધૂન વિગેરે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીએ નૂતન મંદિરના તમામ એ તમામ પ્રકારના બાંધકામની માહિતી આપી હતી.

અને ત્યારબાદ બરાબર ૮:૦૦ વાગ્યે વોકની શુભ શરૂઆત કરવામાં આવી હતી. લગભગ ૨૫૦૦ અબાલવૃધ્ધ હરિભક્તો ભાઈઓ બહેનો એ આ વોકનો લાભ લીધો હતો. એક પ્રકારના બ્લુ ટીશર્ટ અને બ્લુ કેપમાં ભાઈઓ અને કેપ પહેરેલ બહેનો ૨૫૦૦ની સંખ્યામાં જ્યારે ચાલી રહ્યા હોય તે દૃશ્ય જોઈ આનંદિત થઈ જવાતું હતું. અને આ દૃશ્યે અહીંની આફ્રિકન પ્રજા પણ આનંદિત થઈ ગઈ હતી.આટલી વિશાળ માનવ મેદની એક સાથે રસ્તા ઉપર હોય ત્યારે કોઈ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે વોક સમીતીએ એમ્બ્યુલેન્સ તથા કેન્યા પોલીસનો પણ સાથ સહકાર લીધો હતો. વોકમાં ભાગ લેનાર તમામ એ તમામ સભ્યોને સ્મૃતિ ચિહ્નરૂપ પ્રમાણપત્ર આપવામાં આવેલ હતું. બાર વર્ષની નીચેની ઉંમરના બાળકો તથા બાલિકાઓમાંથી પ્રથમ ત્રણ ક્રમાંકમાં વધુમાં વધુ રોકડ રકમ એકત્રિત કરનાર ત્રણે બાળકોને તેમજ નાના મોટા દરેક સભ્યોમાંથી સૌથી વધુ રકમ એકત્રિત કરનાર અને મુખ્ય સહાયક દાતાશ્રી કરસનભાઈ લાલજી વેકરીયાનું મંદિરમાં ૫લમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સંતો વડે સન્માન કરવામાં આવ્યું હતું. સુરક્ષા વિભાગ તથા રસોડા વિભાગમાં સેવા કરનાર નાના-મોટાં, બહેનો-ભાઈઓને પણ યાદ કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વોક સમિતીના મુખ્ય ચાર હરિભક્તોને પણ મંદિર તરફથી નવાજવામાં આવ્યા હતા.

**પ્રભાતફેરી** : તા. ૧૩-૧૦-૧૩ રવિવારના રોજ નુતન મંદિર મહોત્સવના ઉપલક્ષમાં કિરીન્યાગા રોડ ઉપર મંદિરેથી પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોની સાથે રહી ઠાકોરજીને શણગારેલા વાહનમાં બેસાડી બહુ બહોળી સંખ્યામાં બાઈઓ-બહેનો બાળકો આ પ્રભાતફેરીમાં જોડાયા હતા. સવારે ૬:૩૦ વાગ્યે સહજાનંદ સ્વામીની જય બોલાવી શરૂ થયેલ પ્રભાતફેરી લાંબો અંતરનો રસ્તો કાપી પાછી ૮:૦૦ વાગ્યે મંદિરે પરત ફરી અને ત્યારબાદ શ્રી ઘનશ્યામ બાલધૂન સભાના રૂપમાં ફેરવાઈ. આખા રસ્તે ધૂન કરતાં કરતાં હરિભક્તોના હૈયા આનંદથી પ્રફુલ્લિત હતા. બાલધૂન સભામાં સ્વામીએ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાવ્યો હતો અને સર્વ સંતોના રૂડા આશીર્વાદ પામી ભક્તો ધન્ય બન્યા હતા.

અહેવાલ :- સહમંત્રી નારણભાઈ ગોરસીયા

# વાર્ષિક સભા અહેવાલ

શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ – ઓસ્ટ્રેલીયાની આઠમી વાર્ષિક સભા રવિવાર તા. ૧૫–૦૯–૨૦૧૩ના રોજ બપોરના ૨:૩૦ થી ૫:૦૦ વાગ્યા દરમ્યાન રાખવામાં આવેલ. મંત્રી શ્રી મનજીભાઈ શિવજી ભંડેરીએ સભામાં આવેલા સર્વ સત્સંગી હરિભક્તોને આવકાર્યા બાદ, ગત વાર્ષિક સભા નોંધનું વાંચન કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રીએ વાર્ષિક અહેવાલનું વાંચન કર્યા બાદ, ખજાનચી હરેશભાઈ લાલજી કેરાઈ તથા સહખજાનચી સંજયભાઈ ગોવિંદ ભુડીયાએ ગત વર્ષનો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવેલ જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ છેલ્લે અધ્યક્ષ રવજીભાઈ ગાંગજી હાલાઈએ વર્ષ દરમ્યાન મંદિર વિષેની જે જે પ્રગતિ થયેલ તથા બાંધકામ વિશે તથા મૂર્તિ પ્રતિષ્ઠાના મહોત્સવ વિશે જે જે કાર્યવાહી સૌ હરિભક્તોના સહિયારા પ્રયાસથી થયેલ તે વિષેનો વિસ્તૃત ખ્યાલ સભાને આપેલ. ત્યારબાદ તેઓએ જણાવેલ કે તેમના સમયગાળા દરમ્યાન જે કોઈ ભાવિક ભાઈઓ તથા બહેનો મંદિરના કાર્યમાં મદદરૂપ થયેલ તેઓ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. છેલ્લે તેઓના આ સ્થાન ઉપર ટ્રસ્ટી મંડળ, કાર્યકરો તથા સર્વે હરિભક્તોનો સાથ સહકાર મળેલ તે બદલ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરેલ.

ત્યારબાદ ચાલુ કાર્યવાહક સમિતિને બરખાસ્ત કર્યા બાદ ચુંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ. અંતમાં નીચે જણાવેલ મુજબ વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માટે કાર્યવાહક સમિતિના હોદેદારો અને સભ્યોની ચુંટણી કરવામાં આવેલ.

**અધ્યક્ષ્ય :** શ્રી મનજી શીવજી ભંડેરી–વેકરા

**ઉપ્ધાક્ષ્ય :** શ્રી રવજી ગાંગજી હાલાઈ–કુંદનપુર

**મંત્રી :** શ્રી જયેન્દ્ર હરિકૃષ્ણ સોની–દેત્રોજ

**સહમંત્રી :** શ્રી જગદીશ રામજી ભુડીયા–માનકુવા

**ખજાનચી :** શ્રી હરેશ લાલજી કેરાઈ–ગોડપર

**સહખજાનચી :** શ્રી સંજય ગોવિંદ ભુડીયા–માધાપર

**હિસાબ ચોકસી :** શ્રી ધનજી રામજી ભુડીયા–માનકુવા

**સભ્યો :** શ્રી પ્રવીણ ભીમજી પિંડોરીયા–વેકરા

શ્રી દિલીપ શિવજી હીરાણી–મિરજાપર

શ્રી ભરત કાનજી દબાસીયા–કોડકી

શ્રી પરેશ લાલજી કેરાઈ–ગોડપર

ટ્રસ્ટી મંડળને પાંચ વર્ષની મુદત હોવાથી વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માટેના સભ્યોની નીચે જણાવેલ મુજબ ટ્રસ્ટી મંડળના સભ્યો હોદ્દાની રુવે ચાલુ સાલે પણ રહેલ છે.

**ટ્રસ્ટી મંડળ :** શ્રી ધનજી નાનજી હાલાઈ–મેઘપર

શ્રી ધનજી લાલજી પિંડોરીયા–માધાપર

શ્રી હરજી લાલજી ભુડીયા–માનકુવા

શ્રી નરેશ પરબત હાલાઈ–દહીંસરા

શ્રી સામજી ધનજી હરસીયાણી–કેરા

આ પ્રમાણે ટ્રસ્ટી મંડળની અને કાર્યવાહક સમિતિના હોદ્દાદારો અને સભ્યોની વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માટેની વરણી કરવામાં આવેલ.

લી. મંત્રીશ્રી શ્રી જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ સોની

# શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામમાં તુલસી વિવાહ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામમાં તુલસી વિવાહ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. લાલજી મહારાજના યજમાનશ્રી ગામ નારાણપરના પ.ભ. પરબતભાઈ કરસન વેકરીઆ પરિવાર તેમજ તુલસીબાઈના યજમાન શ્રી ગામ દહિંસરાના પ.ભ. અનિલભાઈ ધનજી કારા પરિવારે લાભ લીધો હતો. તા. ૧૬–૧૧–૨૦૧૩ના શનિવારે માંડવો તથા તા. ૧૭–૧૧–૨૦૧૩ રવિવારે લગ્ન યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે વરઘોડામાં સત્સંગીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. લગ્ન માણીને સૌએ ધન્યતા અનુભવી હતી.

અ. નારણભાઈ કારા

## દશેરા ઉત્સવ-સ્ટેન્મોર

રવિવાર તા. ૧૩-૧૦-૧૩ના વિજયા દશમીનો તહેવાર ખુબ જ ધામધૂમ તથા ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ તહેવાર રાક્ષસ રાવણ ઉપર ભગવાન રામ ના વિજય માટેનો છે. જે આપણને અનિષ્ટ, અંધકાર અને અજ્ઞાન પર જીતવાનું શીખવે છે.

અહી શ્રી સ્વામિનારાયણ મંદિર-ધર્મ ભક્તિ મેનરમાં રાવણની જીવન વાર્તા સંક્ષિપ્તમાં બતાવતું એક નાટક મંદિરના યુવાનો તરફથી પ્રસીધ્ધ કરવામાં આવ્યું હતું. અને ત્યાર બાદ શ્રી રામના બાણ દ્વારા રાવણનું જે વિશાળ પૂતળું હતુ તે ને અગ્નિ થી દાહ કરવામાં આવ્યું હતું. આગ પ્રગટાવતાની સાથે જ આખું આકાશ ફટાકડાના પ્રદર્શનથી છવાઈ ગયું હતું. જે નિહાળી ને સર્વે હરિભક્તોને આનંદ થયો હતો.

ત્યારબાદ ત્યાં જ સ્ટોલમાં ગરમા ગરમ નાસ્તો લઈ ઉજમળી કરી અને સર્વે આનંદ પામતા છુટા પડ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર-ધર્મ ભક્તિ મેનર સર્વે સમુદાયને સાથે લાવવા તથા ભાવિ પેઢીને તહેવારોનું મહત્વ સમજાવતા આવા તહેવારો ઉજવે છે.

અહેવાલ :- ઉ.મંત્રી જાદવજી હિરાણી

## એડિલેઇડ, ઓસ્ટ્રેલીયા, અન્નકૂટ ઉત્સવ તથા શ્રી ઘનશ્યામ મહારાજ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૧૪

એડિલેઈડ, ઓસ્ટ્રેલીયા, સાઉથ ઓસ્ટ્રેલીયાનું પાટનગર જ્યા દર વર્ષની જેમ આ વર્ષ પણ અન્નકૂટ ઉત્સવની ઉજવણી હોલમાં કરવામાં આવી હતી. ટૂંકા સમયમાં જ અનેક વાનગીઓ બનાવીને શ્રીજી મહારાજ આગળ અનેક પ્રકારના જુદા જુદા સ્વાદિષ્ટ પકવાનોનો અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. અને અનેક હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. આ વર્ષ સૌ પ્રથમવાર પવિત્ર બ્રાહ્મણના વરદ્ હસ્તે કાળીચૌદશના દિવસે હનુમાનજી તથા લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવ્યું હતું.

આમ જોઈએ તો એડેલેઈડ એટલે યુવાનોનો સત્સંગ જ્યાં માત્ર શ્રીનરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા તથા આપણા ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદ તથા નજર હેઠળ ચાલતો સત્સંગ છે. આ સત્સંગ આપણા ભુજ મંદિરના મહંત ધર્મનંદનદાસજી સ્વામીનો લાડલો સત્સંગ કહીએ તો કાંઈ ખોટું નથી. કેમ કે અહી યુરોપ, આફ્રિકા, ઈન્ડિયાથી યુવાન હરિભક્તો અભ્યાસ અર્થે આવેલ અને અહિં સ્થાયી થયા, માત્ર ચાર જણા ઘર મંદિર સભાની શરૂઆત કરેલ. આજે માત્ર સાત વર્ષમાં જ વિશાળ મંદિર ઊભું કરીને શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી શરૂ કરી દીધી છે. ભક્તો સમય મળે ત્યારે મંદિરમાં હાજર થઈને સેવા ખંતથી કરી રહ્યા છે. આવતા વર્ષ તારીખ ૧૨-૨-૨૦૧૪ થી ૧૬-૨-૨૦૧૪ સુધી શ્રી ઘનશ્યામ મહારાજનો નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભુજ મંદિર હેઠળ ઉજવવામાં આવશે.

અહેવાલ :- હરિશભાઈ પાંચાણી


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૭૦૦/- | દેવશી રત્ના વરસાણી | માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | કાન્તિલાલ વાલજી હીરાણી | ભારાસર | પુત્ર પ્રિશના જન્મ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | રમેશ વાલજી હીરાણી | ભારાસર | પુત્ર કૃષ્ણના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | મિલન મનજીભાઈ હીરાણી | સુખપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | લાલજી સામજી વેકરીયા | માધાપર | નવો બોર ચાલું કરતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ખીમજી પ્રેમજી કેરાઈ | કોડકી | નવી બાઈક ખરીદી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | અવની માવજી કાનજી કેરાઈ | નારણપર ઉ.વા. | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | કલ્પેશ જનકભાઈ ભટ્ટ | ભુજ | નવનિર્મિત ભવન મધ્યે કુંભ સ્થાપને નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | રાજેશભાઈ જનકભાઈ ભટ્ટ | ભુજ | નવનિર્મિત ભવન મધ્યે કુંભ સ્થાપને નિમિત્ત શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૧/- | અખિલેશ વિજય હીરજી ભાભાણી | કેરા | ચિ. અખિલેશના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | હેતલબેન કાનજીભાઈ વરસાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | અ.નિ. નાનજી મનજી વરસાણી પરિવાર | | અન્નકૂટ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | જયેશ લાલજી પ્રેમજી વરસાણી | માધાપર | નવી બાઈક ખરીદી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૨૨/- | જયસુખ હિતેશ કેરાઈ<br>હ. દેવજી આણંદા કેરાઈ | રામપર<br>વેકરા | જન્મદિવસ તેમજ નામકરણવિધી નિમિત્તે<br>શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | નારણ પ્રેમજી છભાડીયા | સીડની | પુત્રના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | વિરજી ધનજી ગામી | કેરા | મકાનના વાસ્તુ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦૦/- | મસ્કત અલતુર્કી ગાલા કેમ્પ | મસ્કત | અન્નકૂટ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | ધીરેશ હીરજી પિંડોરીયા<br>હ. નાન હીરજી કાનજી બળદીયા | દહીંસરા હાલે<br>લંડન | ચાર્ટડ એકાઉન્ટન્ટની ડીગ્રી મળતાં<br>શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | મનજી નાથા મેપાણી | સુખપર | નવી ફોરવ્હીલર ગાડી ખરીદી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | તાન્યા કલ્પેશ જેઠી | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | રવિલાલ ગોપાલ વેકરીયા | બળદીયા ની.વા. | લગ્ન પ્રસંગ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | મૂરજી નાનજી હીરાણી | ભક્તિનગર | રસોઈ આપી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | વિશ્રામ મૂરજી હીરાણી | ભક્તિનગર | રસોઈ આપી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | પ્રિતેશ જેઠાલાલ વેકરીયા | નારણપર ની.વા. | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | કંચનબેન જેઠાલાલ વેકરીયા | નારણપર ની.વા. | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |


























(૧) દિવાળીના શુભ દિવસે લક્ષ્મીપૂજન તથા ચોપડા પૂજનમાં સંતો તથા હરિભક્તો – ભુજ. (૨) દિવાળીના દિવસે દિપમાળામાં બિરાજતા ઠાકોરજીનું પૂજન આરતી કરતા મહંત સ્વામી સાથે યજમાન પ.ભ. કરસનભાઈ તથા રવિભાઈ, બોલ્ટન-ભુજ. (૩) પ્રાતઃપૂજા ડી.વી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. મહંત સ્વામી આદિ સંતો. (૪) પ્રબોધિની એકાદશીના દિવસે ઠાકોરજીના શિખરો ઉપર ફરકતી ધજાનું પૂજન કરતા યજમાનશ્રીઓ સાથે મહંત સ્વામી. (૫) પ્રબોધિની એકાદશીના દિવસે મહાપૂજાનો લાભ લેતા ભક્તો-ભુજ. (૬) બહેનોના મંદિરમાં મહાપૂજાનો લાભ લેવા વિશાળ સંખ્યામાં બહેનો-ભુજ. (૭) બહેનોના મંદિરમાં હાટડી ભરતા ઠાકોરજીની આરતી કરતા પ.પૂ. સંતો-ભુજ. (૮) શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેશમાં કટીંગ મશીનનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. મહંત સ્વામી-ભુજ. (૯-૧૦) કાળી ચૌદશના દિવસે હનુમાનજીના પૂજનના યજમાનને પ્રસન્નતાની પહેરામણી અર્પણ કરતા પ.પૂ. મહંત સ્વામી તેમજ ભક્ત સમુદાયને આશીર્વાદ આપતા પ.પૂ. મહંત સ્વામી-ભુજ. (૧૧-૧૨) દિવાળીના દિવસે રંગોળી સ્પર્ધામાં બહેનો તથા નિરીક્ષણ કરતા સાંખ્યયોગી બહેનો -રંગોળી નિહાળતા પ.પૂ. સંતો-ભુજ.

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દશાબ્દી શિબિર ૨૦૧૩નું ભવ્યાતિ ભવ્ય રીતે આયોજન સંપન્ન થયું.





